# તોરણ ૮

## ગુજરાતી શિક્ષક માર્ગદર્શિકા

**ડિમ્પલ 'લીંબડ'**
એમ.એ. (ગુજરાતી)

**દિપ્તી પટેલ**
એમ.એ., બી.એડ.

Harbour Press
INTERNATIONAL

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વ્હાલા, તારી વાંસળી (કાવ્ય) | ૦૩ |
| ૨. | ત્રણ પૂતળી | ૦૭ |
| ૩. | ભલાઈનું થાય ભલું | ૧૧ |
| ૪. | એ કે લાલ દરવાજે (કાવ્ય) | ૧૫ |
| ૫. | પાણીમાં નિશાની | ૧૮ |
| ૬. | ડૉ. હોમી ભાભા | ૨૨ |
| ૭. | ધ્રુવ તારો | ૨૬ |
| ૮. | હું તો પૂછું (કાવ્ય) | ૩૦ |
| ૯. | ઓણમ | ૩૪ |
| ૧૦. | એક પુસ્તકની આત્મકથા | ૩૮ |
| ૧૧. | મારો સોનાનો ઘડૂલો (કાવ્ય) | ૪૨ |
| ૧૨. | શિયાળ અને નગારું | ૪૬ |
| ૧૩. | સુનિતા વિલિયમ્સ | ૫૦ |
| ૧૪. | આવકારો મીઠો આપજે (કાવ્ય) | ૫૪ |
| ૧૫. | બોલે તે બે ખાય | ૫૮ |
| ૧૬. | વીણેલા મોતી | ૬૨ |

# ૧ વ્હાલા, તારી વાંસળી

## કાવ્યની રૂપરેખા

- બાળકોમાં ભક્તિ ભાવના જાગૃત કરવી.
- રાધા શ્રીકૃષ્ણની વાંસળીનાં સૂર સાંભળીને વ્યાકુળ થાય છે.
- રાધા પાણી ભરવાના બહાને કૃષ્ણને મળવા જાય છે.
- તે બેડાને સરોવરની પાળે તથા ઈંઢોણીને આંબાની ડાળે મૂકીને કાનૂડાની વાંસળીનાં સૂર સાંભળે છે.
- રાધાને સાસુ-નણંદનાં મ્હેણાનો પણ ડર લાગે છે.
- આમ છતાં તે કાનૂડઠાને નીરખવાનો મોકો ચૂકતી નથી.
- રાધા કામણગારા કાનૂડાને નીરખવા માંટે જાય છે.
- નરસિંહ મહેતા કાનૂડાની લીલાનાં ગુણગાન ગાઇને પોતાનું જીવન ધન્ય માને છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભક્તિનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને રાધા-કૃષ્ણનાં પ્રેમભાવનું મહત્ત્વ સમજાવવું.
- રાધાની કાનૂડા પ્રત્યેની પ્રેમભાવનાનું ઉદાહરણ વિદ્યાર્થીઓને સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પૌરાણિક પ્રસંગોથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓને પદ રચનાથી પરિચિત કરાવવા.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, રાધા-કૃષ્ણનાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવોનું વર્ણન કરે તથા વિદ્યાર્થીઓને વિવિધ પ્રસંગો કહે.
- સાચી ભક્તિ કેવી હોવી જોઈએ એ બાબતે વિદ્યાર્થીઓને સમજાવે.
- પોતાનાં અનુભવ પ્રમાણે શિક્ષક/શિક્ષિકા વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

### પ્રશ્નોત્તર

- તમે કૃષ્ણલીલા વિશે કંઇ જાણો છો?
- તમે રાધા-કૃષ્ણ વિશે શું જાણો છો?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલાં વિદ્યાર્થીઓનાં ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે- કૃષ્ણલીલા, રાધા-કૃષ્ણની ભક્તિ.
- વિદ્યાર્થીને તેમનાં વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી સમૂહમાં બોલતા શીખે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.

- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન.

## મૂલ્યાંકનનાં મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ તથા સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
| --- | --- |
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ કાવ્ય આયોજન પૌરાણિક કથાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી પૌરાણિક કથાઓનાં અંશ સંભળાવો જેથી વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિનો પરિચય થાય.
- આ કાવ્ય દ્વારા રાધા-કૃષ્ણની પ્રેમભાવના દર્શાવવાનો પ્રયાસ થયો છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

આપેલ ફૂલની પાંખડીઓમાં શ્રીકૃષ્ણનાં બીજા નામો લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

- **સાધારણ વિદ્યાર્થીઓ માટે**

  ૧) આ કાવ્યનાં કવિનું નામ લખો. ૨) આ કાવ્યમાં કોની-કોની પ્રેમભાવના વ્યક્ત થયેલ છે?

- **વિશેષ વિદ્યાર્થીઓ માટે**

  ૧) વાંસળી કેવી છે? ૨) વાંસળી ક્યાં સંભળાય છે? ૩) બેડા ક્યાં મેલ્યા છે?

- **વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે**

  ૧) ગોપી શા માટે ઘરની બહાર નીકળી? તે કયુ બહાનું કરીને નીકળી?
  ૨) આ કવિતામાં વ્યક્ત થયેલ રાધાનાં મનની ભાવના લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબો લખો.
- નરસિંહ મહેતાનાં બીજા કાવ્યો મેળવો અને લખો.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ સુંદર અક્ષરે કાવ્યપૂર્તિ કરો.**

૧) રૂડીને રંગીલી ..........................................................................................
.......................................................................................... નિસર્યા રે લોલ.

૨) આ બેડા ..........................................................................................
.......................................................................................... ડાળ્યમાં રે લોલ.

૩) કેડો મારો ..........................................................................................
.......................................................................................... મેણાં બોલચે રે લોલ.

૪) આ વાગે ..........................................................................................
.......................................................................................... રાધીકા રે લોલ.

૫) જીવલડો ..........................................................................................
.......................................................................................... કાનને રે લોલ.

૬) આ નીરખી ..........................................................................................
.......................................................................................... મળ્યા રે લોલ.

## કાર્યપત્રિકા- ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ વાક્યોમાંથી વિશેષણ શોધીને લખો.**

૧) એક લાંબો છોકરો બોલ્યો.- ........................
૨) છોકરી રૂપાળી છે. - ........................
૩) હાથી કાળો છે. - ........................
૪) સાસુ હઠીલી છે. - ........................
૫) વાંસળી રંગીલી છે. - ........................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના આપેલ પ્રશ્નોનાં જવાબ આપો.**

૧) વાંસળી રૂડી ને રંગીલી છે.
૨) વાંસળી મંદિરીયે સંભળાય છે.
૩) માનસરોવરની પાળે બેડા મેલ્યા.
૪) ગોપીઓનો રસ્તો શ્રીકૃષ્ણએ રોક્યો છે.
૫) સાસુ હઠીલી છે.
૬) ગોપી કાનૂડાને નીરખીને ન્યાલ થઇ જાય છે.

**જ.૨ નીચે આપેલ પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ લખો.**

૧) ગોપી પાણી ભરવાના બહાને ઘરની બહાર નીકળે છે. તેનું બહાર નીકળવાનું મૂળ કારણ તો કાનૂડાનાં દર્શન કરવાનું જ છે.

૨) આ કવિતામાં ગોપીનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમભાવ વ્યક્ત થયો છે. વ્હાલાની વાંસળીનાં સૂર સાંભળીને ગોપી પાણી ભરવાના બહાને કાનૂડાના દર્શન કરવા નીકળે છે. તે બેડા ને ઈંઢોણી મૂકીને કૃષ્ણનાં દર્શન કરવા જાય છે. જો ઘરે જવામાં મોડું થશે તો સાસુ અને નણંદ મ્હેણા મારશે એવી બીક હોવા છતાં ગોપી કૃષ્ણનાં દર્શન કર્યા વિના ઘરે જવા માગતી નથી. કૃષ્ણનાં દર્શન કરીને ગોપી પોતાનાં જીવનને ધન્ય બનાવે છે.

**જ.૩ કાવ્ય-પૂર્તિ કરો.**

(પાઠ્યપુસ્તક મુજબ)

**જ.૪ આપેલ પંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

૧) ગોપી શ્રીકૃષ્ણની વાંસળીનાં સૂર સાંભળીને કૃષ્ણ દર્શન માટે આકુળ-વ્યાકુળ થઇ જાય છે. તે પાણી ભરવાનું બહાનું કાઢીને પોતાનાં જીવથી પણ વ્હાલા કૃષ્ણનાં દર્શન કરવા માટે જાય છે.

૨) ગોપી શ્રીકૃષ્ણની વાંસળીનાં મીઠા મધુર સૂર સાંભળીને તેને મળવા માટે આકુળ-વ્યાકુળ થાય છે. તે એવી તો કૃષ્ણમય બની ગઈ છે કે તેને કૃષ્ણ કામણગારો લાગે છે. તે શ્રીકૃષ્ણનાં મોહમાં રહે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) વિશેષણો.**

૧) કામણગારો ૨) વ્હાલા ૩) જીવણ ૪) પાતળિયા ૫) સ્વામી

**(ખ) શુદ્ધ રૂપઃ**

૧) પાળ ૨) નણંદ ૩) જીવ

## ઉત્તર કાર્યપત્રિકા - ૧

**જ.૧** પાઠ્યપુસ્તક પ્રમાણે કવિતા લખવી.

## ઉત્તર કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) લાંબો ૨) રૂપાળી ૩) કાળો ૪) હઠીલી ૫) રંગીલી

# ૨ ત્રણ પૂતળી

## પાઠની રૂપરેખા

- એક કલાકાર અકબરનાં દરબારમાં ત્રણ પૂતળીઓ સાથે આવે છે.
- ત્રણે પૂતળીઓ એક જ સરખી છે.
- આ ત્રણે પૂતળીઓની સાચી કિંમત બતાવવા કહ્યું.
- રાજાએ પડકાર ઝીલી લીધો.
- બધા દરબારીઓએ ત્રણે પૂતળીઓની કિંમત આંકવાનો પ્રયાસ કર્યો પરંતુ નિષ્ફળ ગયા.
- અંતે બીરબલનો વારો આવ્યો.
- બીરબલે દોરી વડે ત્રણે પૂતળીઓની કિંમત આંકી.
- પહેલી પૂતળીનાં એક કાનમાં દોરી નાખવાથી બીજા કાનમાંથી નીકળી. તેથી તે કોઇ વાત કાને ધરતી નથી. તેથી તેનું મૂલ્ય સાવ ઓછું ગણાય.
- બીજી પૂતળીનાં કાનમાં દોરી નાખવાથી મોં વડે બહાર નીકળી તેથી તે કાને સાંભળેલી વાત બીજાને કહી દે છે. તેથી તેનું મૂલ્ય મધ્યમ ગણાય.
- ત્રીજી પૂતળીનાં કાનમાં દોરી નાખવાથી તે બહાર જ ન નીકળી, દોરી પેટમાં જતી રહી. આથી એવું મનાય કે આ પૂતળી કાને ધરેલી વાતને ગ્રહણ કરે છે તેથી ત્રીજી પૂતળી મૂલ્યવાન ગણાય.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વ્યક્તિની સાચી કિંમત સમજાવવી.
- વિદ્યાર્થીઓને બીરબલની ચતુરાઇની વાત સમજાવવી.
- વિદ્યાર્થીઓને સમજાવવું કે વ્યક્તિનું મૂલ્યાંકન બુદ્ધિપૂર્વક કરવું જોઈએ.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને અકબર બીરબલની કથાઓથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવા.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક વગેરે.

## પ્રેરણા તથા વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને વિવિધ પ્રસંગો સંભળાવે.
- બુદ્ધિપૂર્વકનું મૂલ્યાંકન કેવી રીતે થાય એવું સમજાવે.
- શિક્ષક પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમે અકબર-બીરબલનાં પ્રસંગો સાંભળ્યા છે?
- વ્યક્તિનું મૂલ્યાંકન કઈ રીતે કરશો?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલાં વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે - રાજા અકબર, બીરબલની ચતુરાઈ, કલા, કલાકાર
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનું કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.

- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોનાં ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યક્તિની ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન અકબર-બીરબલની વાર્તાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી અકબર-બીરબલની વાર્તાઓ સંભળાવો જેથી તેનાંમાં બુદ્ધિચાતુર્ય વિકસે.
- આ વાર્તા દ્વારા વ્યક્તિનું સાચું મૂલ્યાંકન કઈ રીતે થાય તે સમજાવવાનાં પ્રયાસો છે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

- આપેલ શબ્દોમાં વિરોધી શબ્દો કોષ્ઠકમાંથી શોધીને લખો.

| | | | |
|---|---|---|---|
| બુ | પા | ત | ળી |
| દ્ધિ | સ | વ | મ |
| શા | નિ | ષ્ફ | ળ |
| ળી | જ | સ | લ |
| અ | વ | જ્ઞા | ગ |
| ના | મં | જૂ | ર |

મૂર્ખ × બુદ્ધિશાળી
જાડી × ................
સફળ × ................
આજ્ઞા × ................
મંજૂર × ................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

૧) આ વાર્તામાં કોની બુદ્ધિ-ચતુરાઇના વખાણ થયા છે?
૨) કલાકાર કેટલી પૂતળી લાવ્યો હતો?
૩) બાદશાહ અકબરનો દરબાર શાનાથી ભરેલો છે?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

૧) કલાકારે શી શરત મૂકી?
૨) દરબારના માનીતા કલાકારોએ પૂતળીઓ જોઇને શું કહ્યું?
૩) બીરબલે કોને શ્રેષ્ઠ પૂતળી કહી?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) બીરબલે પૂતળીઓની કિંમત કઇ રીતે નક્કી કરી?
૨) બાદશાહે દરબારીઓને તથા કલાકારોને શી આજ્ઞા આપી?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબ લખો.
- ‘બિરબલની ચતુરાઇ’ વિશે એક ફકરો લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધો.**

(૧) અકબરનાં દરબારમાં એક દિવસ કોણ આવ્યો?
(ક) કલાકાર (ખ) દરબારી (ગ) બીરબલ (ઘ) સ્ત્રી

(૨) કલાકાર શું લાવ્યો?
(ક) ઘરેણા (ખ) કપડા (ગ) પૂતળી (ઘ) કંઇ નહીં

(૩) પૂતળીઓની કિંમત આંકવા માટે બીરબલ શું લઇ આવ્યો?
(ક) અનાજ (ખ) દોરી (ગ) પૈસા (ઘ) સળી

(૪) પૂતળીઓની સાચી કિંમત કોણે આંકી?
(ક) દરબારીઓએ (ખ) કલાકારે (ગ) અકબરે (ઘ) બીરબલે

(૫) કઈ પૂતળીની કિંમત સૌથી વધુ છે?
(ક) પહેલી (ખ) બીજી (ગ) ત્રીજી (ઘ) બધી

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**જોડણી સુધારો :**

| **ખોટી જોડણી** | | **સાચી જોડણી** | | | |
|---|---|---|---|---|---|
| (૧) પુતળી | - | ................. | (૨) કનીષ્ઠ | - | ................. |
| (૩) મૂલય | - | ................. | (૪) આકર્સક | - | ................. |
| (૫) આવ્યા | - | ................. | | | |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના આપેલા પ્રશ્નોનાં જવાબ આપો.**

૧) અકબરનાં દરબારમાં એક કલાકાર આવ્યો. ૨) કલાકાર દરબારમાં ત્રણ પૂતળીઓ લાવ્યો.

૩) કલાકારે શરત મૂકી કે તેની આ ત્રણે પૂતળીઓની જો કોઇ સાચી કિંમત આંકે તો ત્રણે પૂતળીઓ રાજાને ભેટ ધરશે અને જો સાચી કિંમત કોઇ નહીં આંકી શકે તો તે કહે તો ઇનામ આપવું પડશે.

૪) બાદશાહ અકબરનો દરબાર રત્નોથી તથા બુદ્ધિશાળી દરબારીઓથી ભરેલો હતો.

૫) દરબારનાં માનીતા કલાકારોએ પૂતળીઓને બારીકાઈથી જોઈને કહ્યું કે નામદાર, આ ત્રણેય પૂતળીઓમાં કશો ભેદ નથી.

**જ.૨ નીચેના પ્રશ્નોના જવાબો સવિસ્તાર આપો.**

૧) બાદશાહે કલાકારોને, દરબારીઓને કલાકારે લાવેલી ત્રણે પૂતળીઓની કિંમત આંકવાની, પરીક્ષા કરવાની આજ્ઞા આપી.

૨) બીરબલે પૂતળીઓને ચારે તરફથી જોઈ. તે એક દોરી લાવ્યો. તેણે પહેલી પૂતળીનાં કાનમાં દોરી નાખી, દોરી બીજા કાનમાંથી નીકળી ગઇ. બીજી પૂતળીનાં કાનમાં દોરી નાંખતા જ તે મોં વડે નીકળી અને ત્રીજી પૂતળીનાં કાનમાં દોરી નાખી તો તે પેટમાં ગઈ. આમ તેણે નક્કી કર્યું કે પહેલી પૂતળી વાતને કાને ધરતી નથી, તેથી તેની કિંમત મામૂલી છે. બીજી પૂતળી કાને ધરેલી વાતને મોં વડે કહી દે છે તેથી તેની કિંમત મધ્યમ છે. જ્યારે ત્રીજી પૂતળી વાતને પેટમાં રાખે છે એટલે કે તે વાતને ધ્યાનમાં લે છે આથી ત્રીજી પૂતળીની કિંમત શ્રેષ્ઠ ગણાય.

**જ.૩ કોણ કોને કહે છે? તે જણાવો.**

૧) કલાકાર – અકબરને કહે છે.
૨) અકબર – કલાકારને કહે છે.
૩) બીરબલ – અકબરને કહે છે.
૪) દરબારીઓ – અકબરને કહે છે.

**જ.૪ ખાલી જગ્યા પૂરો.**

૧) એક દિવસ અકબર ના દરબારમાં એક કલાકાર આવ્યો.
૨) કલાકાર ત્રણ પૂતળીઓ લાવ્યો હતો.
૩) ત્રણેય પૂતળીઓ સરખી લાગતી હતી.
૪) પૂતળીઓનો દરજ્જો બીરબલે નક્કી કર્યો.
૫) ત્રીજી પૂતળી વાતને પેટમાં રાખી શકે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો લખો.**

૧) હિરો ૨) હલકી ૩) હુકમ ૪) હાસ્ય

**(ખ) વિરોધી શબ્દો લખો.**

૧) મૂર્ખ ૨) નામંજૂર ૩) અવજ્ઞા ૪) કનિષ્ઠ

**(ગ) આપેલ રૂઢિપ્રયોગોનાં અર્થ આપીને વાક્યમાં પ્રયોગ કરો.**

૧) હિંમતથી વાત કરવી.

**વાક્ય :** હું આપના દરબારમાં પડકાર ફેંકું છું કે કોઈ આ પૂતળીઓની સાચી કિંમત આંકશે.

૨) અંદરોઅંદર વાત કરવી.

**વાક્ય :** દરબારીઓ ગપશપ કરવા લાગ્યા.

૩) ખુશ થઇ જવું.

**વાક્ય :** રમકડું મળતાં જ બાળકનું મોઢું ચમકી ઊઠ્યું.

**(ઘ) સાચી જોડણી**

૧) પૂતળી ૨) નિરીક્ષણ ૩) નહિતર ૪) કનિષ્ઠ ૫) અદ્ભૂત

**(ચ) આપેલ શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

૧) વારાફરતી – બધાં વારાફરતી એક-એક વાક્ય બોલો.
૨) નિર્ણય – મેં શિક્ષક બનવાનો નિર્ણય લીધો.
૩) કિંમત – સમાજમાં વિદ્વાનની કિંમત વધુ હોય છે.

## ઉત્તર કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) (ક) ૨) (ગ) ૩) (ખ) ૪) (ઘ) ૫) (ગ)

## ઉત્તર કાર્યપત્રિકા - ૨

**જ.૧** સાચી જોડણી

(૧) પૂતળી (૨) કનિષ્ઠ (૩) મૂલ્ય (૪) આકર્ષક (૫) આજ્ઞા

# ૩ ભલાઈનું થાય ભલું

## પાઠની રૂપરેખા

- એક કઠિયારો રોજ લાકડાં કાપીને ગુજરાન ચલાવે.
- એક સાધુએ વ્રત લેવડાવ્યું કે કોઈ પણ ભિક્ષા માગવા આવે તેને ખાલી હાથે પાછા ન વાળવા.
- ભગવાને કસોટી કરવા માટે ડોશીનું રૂપ લીધું.
- કઠિયારા પાસે પાણી માગ્યું ને કુહાડી માગી.
- કઠિયારાએ વ્રત મુજબ કુહાડી પણ આપી દીધી.
- રસ્તામાં આંબાવાડિયામાંથી પોતાનાં રૂમાલનાં બદલામાં ચાર કેરીઓ લીધી.
- રસ્તામાં રડતાં બાળકને એક કેરી આપી.
- ઘેર આવીને તે કેરી સમારવા લાગ્યો, પરંતુ કેરીઓ તો સોનાની હતી.
- એક કેરી વેચીને ઘણી વસ્તુઓ ખરીદી.
- આમ નિશ્ચયપૂર્વક કરેલા કાર્યથી સફળતા મળે છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વ્રતનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને સમજાવવું કે નિશ્ચયપૂર્વક કરેલાં કાર્યથી સફળતા મળે જ.
- બીજાને મદદરૂપ થવાની ભાવના વિદ્યાર્થીઓમાં કેળવવી.
- આત્મવિશ્વાસથી તથા શ્રદ્ધાપૂર્વક કાર્ય કરવાની ટેવ પાડવી જોઈએ એવું વિદ્યાર્થીઓને સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને બોધાત્મક વાર્તાથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણશુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં લેખન તથા પઠન કૌશલ્ય કેળવવા.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચોક, પુસ્તક વગેરે.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે તથા વિદ્યાર્થીઓને વિવિધ પ્રસંગો કહે.
- શ્રદ્ધાપૂર્વક વ્રત પાલન કરવું જોઈએ એવું સમજાવે.
- પોતાનાં અનુભવ પ્રમાણે શિક્ષક વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- વ્રત કોને કહેવાય?
- કઠિયારાની વાર્તા તમે સાંભળી છે?
- વ્રતથી શા શા ફાયદાઓ થાય?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે- વ્રત, પરોપકાર, કઠિયારો, પરિશ્રમ
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.

- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- પોતાના ખામીઓ નિવારવાની તૈયારી.
- આત્મવિશ્વાસમા વૃધ્ધિ.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઈએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન બોધાત્મક વાર્તાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી બોધાત્મક વાર્તાઓ સમજાવો જેથી તેઓને જીવન જીવવાનો બોધ મળે.
- આ પાઠ દ્વારા દઢ નિશ્ચયથી કાર્યમાં સફળતા મળે જ છે. એવું સમજાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી ભાવવાચક સંજ્ઞાઓ શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ભ | ઉ | પા | ધિ | મૂં |
| લા | દુ | ખી | યુ | ઝ |
| ઇ | મ | જ | વા | વ |
| સં | તો | ષ | ની | ણ |
| વૃ | દ્ધા | વ | સ્થા | વ |
| લ | બ | ચ | પ | ણ |

૧) ભલાઇ
૨) ....................
૩) ....................
૪) ....................
૫) ....................
૬) ....................
૭) ....................
૮) ....................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ વાર્તામાં મુખ્ય પાત્ર કોણ છે?
(૨) સાધુએ કયુ વ્રત લેવડાવ્યું?
(૩) ડોશીએ કઠિયારા પાસેથી શું માગ્યું?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) ભગવાને કોનુ રૂપ ધારણ કર્યું? શા માટે?
(૨) છોકરાને રડતો જોઇને કઠિયારાએ તેને શું આપ્યું ?
(૩) આ વાર્તા દ્વારા તમને શો બોધ મળે છે?

### • વિશેષતમ વિદ્યાર્થીઓ માટે

(૧) કઠિયારો પોતાનું જીવન કઇ રીતે જીવતો?
(૨) કઠિયારાને વ્રત લેવાનું શું ફળ મળ્યું?
(૩) તમે કરેલી ઉદારતા વિશે જણાવો.

## ગૃહકાર્ય

- પાઠ્યપુસ્તકનાં પ્રશ્નોના જવાબ લખો.
- 'જીવનમાં પરોપકાર નું મહત્ત્વ' વિષય પર નિબંધ લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલાં વૈકલ્પિક પ્રશ્નોનાં સાચા વિકલ્પ શોધો.**

(૧) કઠિયારાને કોણે વ્રત લેવડાવ્યું?

(ક) ડોસીએ (ખ) બાળકે (ગ) સાધુએ (ઘ) ભગવાને

(૨) ભગવાને કઠિયારાની કસોટી કરવા શેનું રૂપ લીધું?

(ક) ડોસીનું (ખ) બાળકનું (ગ) સાધુનું (ઘ) કઠિયારાનું

(૩) કઠિયારાએ ડોસીને શું આપી દીધું?

(ક) લાકડા (ખ) કુહાડી (ગ) કેરી (ઘ) પૈસા

(૪) કઠિયારાએ બાળકને શું આપ્યું?

(ક) પૈસા (ખ) પાણી (ગ) લાકડા (ઘ) કેરી

(૫) કેરીઓ કેવી હતી?

(ક) સોનાની (ખ) મીઠી (ગ) લીલી (ઘ) ખાટી

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચો જવાબ શોધીને લખો.**

૧) સૌથી જુદો અર્થ ધરાવતો શબ્દ છે.

(ક) પાણી (ખ) જળ (ગ) નીર (ઘ) પૈસા

૨) 'પંખી'નો પર્યાયવાચી નથી.

(ક) પક્ષી (ખ) ખર (ગ) દ્વિજ (ઘ) ખગ

૩) 'સમારવું' ક્રિયાની સમાનાર્થી ક્રિયા છે.

(ક) શોધવું (ખ) સમજાવવું (ગ) કાપવું (ઘ) સમજવું

૪) વિરોધી શબ્દોની યોગ્ય જોડી નથી.

(ક) ભલાઈ-બુરાઈ (ખ) રૂપિયા-પૈસા (ગ) જીવન-મૃત્યુ (ઘ) સંતોષ-અસંતોષ

૫) 'જલ્દી' શબ્દનો અર્થ નથી.

(ક) જલદ (ખ) ફટાફટ (ગ) ઝટપટ (ઘ) તરત

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) સાધુએ કઠિયારાને કોઈપણ એક વ્રત લેવાની સલાહ આપી.

૨) સાધુએ કઠિયારાને વ્રત લેવડાવ્યુંઃ 'મારી પાસે કોઇ ભિક્ષા માગવા આવશે, તેને ખાલી હાથે નહીં ફરવા દઉં. કંઇક ને કંઇક તો આપીશ.'

૩) કઠિયારાની પરીક્ષા કરવા માટે ભગવાને ડોશીનું રૂપ ધારણ કર્યુ.

૪) ડોશીએ કઠિયારા પાસેથી પાણી માગ્યું.

૫) પાણી પીધા પછી ડોશીએ કઠિયારાને કહ્યું કે બેટા, મારા ઘર સુધી મને ન મૂકી જાય? તારો ઉપકાર જિંદગીભર નહીં ભૂલું.

૬) છોકરાને રડતો જોઇ કઠિયારાએ તેને એક કેરી આપી.

૭) આ વાર્તા દ્વારા બોધ મળે છે કે નિશ્ચયપૂર્વક કરેલા કાર્યથી સફળતા મળે જ છે.

**જ.૨ નીચે આપેલ પ્રશ્નોનાં જવાબ સવિસ્તર લખો.**

૧) કઠિયારો રોજ સવારે વહેલો ઉઠે. ભૂખ્યો જ કુહાડી અને દોરડું લઇ જંગલમાં જાય. લાકડાની ભારી લાવી બજારમાં જઇ વેચી આવે. તેમાંથી જે મળે એમાંથી પોતાનું પેટ ભરે. એ ભલો ને એનું કામ ભલું.

૨) ડોશીનો દીકરો જંગલમાં કુહાડી ખોઇને આવ્યો હતો. હવે નવી કુહાડી ખરીદવાનાં તેની પાસે પૈસા ન હતાં. જો કુહાડી ન હોય તો તે લાકડા કઈ રીતે કાપે અને તેનું ગુજરાન કઈ રીતે ચલાવે. આથી ડોશીને મદદ કરવા માટે કઠિયારાએ પોતાની કુહાડી આપી દીધી.

૩) જ્યારે કઠિયારો ઘેર ગયો. તેને ખૂબ જ ભૂખ લાગી હતી. તે કેરી ખાવાનાં ઇરાદે કેરી સમારવા બેઠો. ત્યારે તેને ખબર પડી કે તે કેરીઓ સોનાની છે.

**જ.૩ કોણ કોને કહે છે?**

૧) સાધુ મહારાજ - કઠિયારાને કહે છે. ૨) ડોશી - કઠિયારાને કહે છે.

૩) કઠિયારો - સાધુ મહારાજને કહે છે.

**જ.૪ ખાલી જગ્યા પૂરો.**

૧) કઠિયારાને વ્રત સાધુ મહારાજે લેવડાવ્યું. ૨) કઠિયારો જંગલમાં લાકડાં કાપવા જતો.

૩) ભગવાને ડોશી નું રૂપ ધારણ કર્યું.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો લખો.**

૧) જળ ૨) અરણ્ય ૩) વિહગ ૪) ડોશી ૫) સોનુ ૬) ખીસ્સુ

**(ખ) વિરોધી શબ્દ લખો.**

૧) બુરાઇ ૨) જવાબ ૩) અસંતોષ ૪) મૃત્યુ

**(ગ) જોડણી સુધારો.**

૧) કઠિયારો ૨) હિંમત ૩) કેરી ૪) વ્રત

**(ઘ) આપેલ શબ્દોને કક્કા-બારાક્ષરી પ્રમાણે ક્રમમાં ગોઠવો.**

૧) આંબાવાડી ૨) કઠિયારો ૩) કેરી ૪) છોકરો ૫) થાક ૬) સોનું

**(ચ) આપેલ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) માએ બાળકને ફોસલાવીને કામ કરાવ્યું. ૨) અમને રમવામાં ખૂબ જ આનંદ આવે છે.

૩) વીરલ પૈસા ખૂબ જ ખર્ચે છે. ૪) સંસ્કાર જ સાચું ધન છે.

૫) ભગવાનની લીલા અપાર છે.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

૧) (ગ) સાધુએ ૨) (ક) ડોશીનું ૩) (ખ) કુહાડી ૪) (ઘ) કેરી

૫) (ક) સોનેરી

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

૧) (ઘ) પૈસા ૨) (ખ) ખર ૩) (ગ) કાપવુ ૪) (ખ) રૂપિયા-પૈસા

૫) (ક) જલદ

# ૪ એ કે લાલ દરવાજે

## કાવ્યની રૂપરેખા

- આ લોકગીતમાં અમદાવાદની વાત કરવામાં આવી છે.
- અમદાવાદ શહેરની ફરતે કિલ્લાઓ છે.
- માણેક ચોક, ત્રણ દરવાજા, ભદ્રકાળી માતાનું મંદિર, લાલ દરવાજો, સીદી સૈયદની જાળી, કાંકરીયા તળાવ જેવા જોવાલાયક સ્થળો અમદાવાદમાં છે.
- ગુજરાતની નારીને આ બધી જગ્યાએ ફરવા જવું છે પણ સાસુ ના પાડે છે.
- સાસુ બ્હાનું બતાવે છે કે બાદશાહ બહુ મિજાજી છે તેથી ત્યાં નહીં જવાનુ.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પ્રવાસનાં સ્થળ વિશે માહિતી આપવી.
- વિદ્યાર્થીઓને અમદાવાદ શહેર વિશે જાણકારી મળે.
- વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્થળનો પરિચય આપવો.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્થળનો પરિચય મળે.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં કાવ્ય પઠન તથા ગીત ગાયન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઈટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન/ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, અમદાવાદનો નક્શો તથા ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે તથા વિદ્યાર્થીઓને વિવિધ શહેરો વિશે કહે.
- પ્રવાસનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવો.
- પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

### પ્રશ્નોત્તર

- ગુજરાતનું સૌથી મોટું શહેર કયુ છે?
- તમે ક્યારેય અમદાવાદ ગયા છો?
- અમદાવાદમા જોવાલાયક સ્થળો કયા કયા છે?

**પઠન તથા ગાયન** – વિદ્યાર્થીઓ આ લોકગીતનું પઠન કરશે તથા વર્ગમાં ગાશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે - ઐતિહાસિક શહેર, અમદાવાદ વગેરે
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન એક ઐતિહાસિક શહેર અમદાવાદનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય ઐતિહાસિક સ્થળો વિશે માહિતી તથા માર્ગદર્શન આપો જેથી તેનું જ્ઞાન વધે.
- આ લોકગીત દ્વારા અમદાવાદના મુખ્ય સ્થળોનો પરિચય થાય છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

આપેલ કોષ્ઠકમાંથી ગુજરાતનાં શહેરોના નામ શોધીને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| જ | જા | સૂ | ર | ત | રા |
| અ | મ | દા | વા | દ | જ |
| ડી | ન | હો | મ | લ | કો |
| સા | ગ | દ | ક | મો | ટ |
| પો | ર | બં | દ | ર | વા |
| જૂ | ના | ગ | ઢ | બી | પી |

૧) રાજકોટ
૨) ..................
૩) ..................
૪) ..................
૫) ..................
૬) ..................
૭) ..................
૮) ..................
૯) ..................
૧૦) ..................

## રચનાત્મક મૂલ્યાંકન

- **સાધારણ વિદ્યાર્થીઓ માટે**

૧) આ લોકગીતમાં કયા શહેરની વાત કરવામાં આવી છે? ૨) લાલ દરવાજે શું તાણેલું છે?

- **વિશેષ વિદ્યાર્થીઓ માટે**

૧) આ કાવ્યમાં અમદાવાદનાં કયા-કયા સ્થળોએ ઉલ્લેખ થયો છે? ૨) બાદશાહ કેવો છે?

- **વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે**

૧) આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.
- અન્ય લોકગીતો મેળવો.

## કાર્ય પત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપૂર્તિ કરો.**

૧) એ કે લાલ ..................................................................................
..................................................................................
.................................................................... બડો મિજાજી.

૨) ત્રણ દરવાજા ..................................................................................
..................................................................................

.................................................................................. બડો મિજાજી.

3) સીદી સૈયદની ..................................................................................

..................................................................................

.................................................................................. બડો મિજાજી.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો.**

| **ખોટી જોડણી** | | **સાચી જોડણી** |
|---|---|---|
| ૧) નગ્રી | - | .................... |
| ૨) ગૂજરાત | - | .................... |
| ૩) મંદીર | - | .................... |
| ૪) કિલા | - | .................... |
| ૫) બાદસાહ | - | .................... |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) આ લોકગીતમાં અમદાવાદ શહેરની વાત કરવામાં આવી છે.

૨) નગરનાં કિલ્લા ફરતે કાંગરી છે.

૩) લાલ દરવાજા, માણેકચોક, ત્રણ દરવાજા, ભદ્રકાલી મંદિર, સીદી સૈયદની જાળી, કાંકરિયા તળાવનો ઉલ્લેખ થયો છે.

૪) અમદાવાદ નગરી જોવા માટે વહુ જવા ઇચ્છે છે. ૫) બાદશાહને મિજાજી કહ્યો છે.

**જ.૨ પાઠ્યપુસ્તક પ્રમાણે કાવ્યપૂર્તિ કરો.**

## વ્યાકરણ વિભાગ

**(ક) શુદ્ધ રૂપ**

૧) ચાલી ૨) બાદશાહ ૩) અંદર ૪) તાણિયા

**(ખ) સાચી જોડણી**

૧) બિરાજે ૨) મિજાજી ૩) ગુર્જરી ૪) તંબૂ

**(ગ) કક્કા-બારાખડી પ્રમાણે ક્રમશઃ ગોઠવો.**

૧) ગુજરાત ૨) નગરી ૩) પાણી ૪) માણેકચોક ૫) લાલ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** પાઠ્યપુસ્તકમાંથી જોઇ જોઇને કાવ્યપૂર્તિ કરાવવી.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** (૧) નગરી (૨) ગુજરાત (૩) મંદિર (૪) કિલ્લા (૫) બાદશાહ

# ૫ પાણીમાં નિશાની

## પાઠની રૂપરેખા

- એક મૂર્ખ માણસ, નામ એનું ચકો.
- તે કેટલાક ચાંદીનાં વાસણો સાથે દરિયાઇ સફરે ગયો.
- ચકો વૈભવનો દેખાડો કરવા ચાંદીના પ્યાલામાં પાણી પીતો.
- ચાંદીનો પ્યાલો દરિયામાં પડી ગયો.
- તેણે પાણીમાં નિશાની કરીને વળતા લઇ લેવા વિચાર્યું.
- વળતા વહાણ રોકીને તેણે કહ્યું કે પાણીમાં નિશાની કરી છે. તેથી પ્યાલો લઇ આવું.
- લોકો તેની મૂર્ખાઈ પર હસવા લાગ્યા.
- ચકાએ દરિયામાં છલાંગ લગાવી પ્યાલો શોધ્યો.
- પ્યાલો ન મળ્યો.
- લોકોએ તેની ખૂબ જ મજાક ઉડાવી.
- આમ, બીજાની સાચી સલાહ માનવી જોઈએ.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વ્યાવહારિક જ્ઞાન આપવું.
- વિદ્યાર્થીઓને સમજાવવું કે બીજાની સાચી સલાહ માનવી જોઈએ.
- વિદ્યાર્થીઓને સમજાવવું કે મૂર્ખાઇ પૂર્વકનું વર્તન ન કરાય.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને બોધ કથાથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઈટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન/ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક વગેરે.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે તથા વિદ્યાર્થીઓને અન્ય વાર્તાઓ સંભળાવે.
- શિક્ષક પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમ દરિયામાં પ્રવાસ કર્યો છે?
- પાણીમાં ક્યારેય નિશાની થાય?

**પઠન** – શિક્ષક પાઠ વાંચે અને વંચાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે – સમુદ્ર, પ્રવાસ, સલાહ
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
| --- | --- |
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન બોધ કથાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી વાર્તાઓ સંભળાવો ને સમજાવો જેથી તેઓનાં વ્યાવહારિક જ્ઞાનમાં વધારો થાય.
- બીજાની સાચી સલાહ માનવી જોઇએ, એ બાબત શીખવવાનો પ્રયાસ અહીંયા થયો છે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી વાહનોનાં નામ શોધીને લખો.

| | | | | |
| --- | --- | --- | --- | --- |
| આ | ગ | ગા | ડી | મો |
| સા | જ | હા | જ | ટ |
| ય | ક | ટ્રા | બ | ર |
| ક | બ | મ | રી | કા |
| લ | સ | લ | ક્ષા | ર |

૧) સાયકલ
૨) .................
૩) .................
૪) .................
૫) .................
૬) .................
૭) .................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) કોણ મૂર્ખ હતો.
(૨) ચકો કેમાં મુસાફરી કરતો હતો?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) આ વાર્તાનો બોધ લખો.
(૨) ચકાએ પાણીમાં છલાંગ શા માટે લગાવી?
(૩) ચકાએ શેમાં નિશાની કરી હતી?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) લોકોએ ચકાને શા માટે મૂરખ કહ્યો?
(૨) ચકાએ વહાણ શા માટે રોકાવ્યુ?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.
- આવી બીજી બોધાત્મક વાર્તા લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલાં વૈકલ્પિક પ્રશ્નોમાંથી સાચો જવાબ શોધો.**

૧) ચકો કેવો હતો?

(ક) મૂર્ખ (ખ) જાડો (ગ) બુદ્ધિશાળી (ઘ) ધનવાન

૨) ચકો શેમાં સફર કરતો હતો?

(ક) સ્ટીમર (ખ) વહાણ (ગ) વિમાન (ઘ) સાઈકલ

૩) ચકો કેવા પ્યાલામાં પાણી પીતો હતો?

(ક) સ્ટીલનાં (ખ) પ્લાસ્ટિકનાં (ગ) ચાંદીનાં (ઘ) પીતળનાં

૪) ચકાએ શેમાં નિશાની કરી?

(ક) જહાજમાં (ખ) હવામાં (ગ) પ્યાલામાં (ઘ) પાણીમાં

૫) પાઠનો સાહિત્ય પ્રકાર છે.

(ક) વાર્તા (ખ) કવિતા (ગ) નિબંધ (ઘ) નવલકથા

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો :**

૧) જેના નસીબ સારા હોય તે - ............................

૨) જેના નસીબ ખરાબ હોય તે - ............................

૩) પાણીમાં થતાં વલય - ............................

૪) વહાણ હાંકનાર માણસ - ............................

૫) ખૂબ જ ધનવાળો - ............................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧) ચકો બુદ્ધિનો બારદાન હતો.

૨) દરિયાઈ સફર વખતે ચકા પાસે કેટલાંક ચાંદીના વાસણ હતાં.

૩) ચકો ચાંદીના પ્યાલામાં પાણી પીતો હતો.

૪) પ્યાલો દરિયામાં પડી ગયો.

૫) પ્યાલો પાણીમાં પડ્યો ત્યારે ત્યાં ભમરી થઈ.

૬) ચકાએ પોતાનો ચાંદીનો પ્યાલો પડ્યો હતો ત્યારે ત્યાં પાણીમાં નિશાની કરી હતી. તે નિશાની આવી ગઇ તેથી વહાણ રોકાવ્યું.

૭) ચકો પાણીમાં નિશાની કરી છે એ જગ્યા આવી ગઈ એવું કહીને ચાંદીનો પ્યાલો શોધવા ડૂબકી મારી. આથી લોકોએ તેને મૂરખ કહ્યો.

**જ.૨ કોણ કોને કહે છે?**

૧) વહાણનો કપ્તાન - ચકાને કહે છે. ૨) ચકો - વહાણના કપ્તાનને કહે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) પર્યાયવાચી શબ્દો.**

૧) સમુદ્ર ૨) મુસાફરી ૩) જહાજ ૪) જળ

**(ખ) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ.**

૧) સાવ મૂર્ખ.

**વાક્ય :** ચકો બુદ્ધિનો બારદાન હતો.

૨)	ખૂબ જ ખુશ થઇ જવું.

**વાક્ય :** ચકાના વખાણ સાંભળીને તે ફૂલીને ફાળકો થઈ ગયો.

**(ગ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) સદ્‌નસીબ	૨) ભમરી	૩) કપ્તાન

**(ઘ) આપેલ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) અત્યારે - મારે અત્યારે જ જવું છે.

૨) લે-વેચ - તે જૂની વસ્તુઓની લે-વેચ કરે છે.

૩) ઈર્ષા - લોકોને ચકાની ઈર્ષા આવી.

૪) પ્રવાસ - સ્કૂલમાંથી અમે સૌ આબુનાં પ્રવાસે ગયા હતાં.

**(ચ) શબ્દ સીડી**

| | | | |
|---|---|---|---|
| ૧) | અચાનક | ૬) | બગીચો |
| ૨) | સનક | ૭) | શરમ |
| ૩) | કરમ | ૮) | સગડ |
| ૪) | જોગણ | ૯) | જમણ |
| ૫) | રસીલા | ૧૦) | રુસણું |

**(છ) સાચી જોડણી**

૧) વૈભવ	૨) ચાંદી	૩) દરિયો	૪) કિનારો

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧ ખાલી જગ્યા પૂરો.**

૧) (ક) મૂર્ખ	૨) (ખ) વહાણ	૩) (ગ) ચાંદીનાં

૪) (ઘ) પાણીમાં	૫) (ક) વાર્તા

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧ સાચી જોડણી**

૧) ખુશનસીબ	૨) બદનસીબ	૩) વમળ	૪) કપ્તાન	૫) ધનવાન

# ૬ ડૉ. હોમી ભાભા

## પાઠની રૂપરેખા

- પરમાણુ પદાર્થનો સૌથી નાનો કણ છે.
- પરમાણુમાંથી મળતી શક્તિ એટલે અણુ-શક્તિ.
- ડૉ. હોમી જહાંગીર ભાભાએ ભારતમાં પરમાણુ-શક્તિ દ્વારા ઉદ્યોગો તથા સિંચાઈની વ્યવસ્થા થઇ શકે એવું સ્વપ્ન જોયું હતું.
- ડૉ. ભાભાનો જન્મ ૩૦ ઓક્ટો. ૧૯૦૯ નાં રોજ મુંબઇમાં એક પારસી પરિવારમાં થયો હતો.
- ૧૭ વર્ષની ઉંમરે ઇન્ગ્લેન્ડ અભ્યાસ માટે ગયા.
- ઇ.સ. ૧૯૩૪ માં પી.એચ.ડી. ની ડીગ્રી મેળવી.
- ૧૪ વર્ષ વિદેશમાં રહ્યાં પછી ભારત પરત ફર્યા.
- ઇ.સ. ૧૯૫૪ માં 'પદ્મભૂષણ' ની પદવી મળી.
- ૨૦મી જાન્યુ. ૧૯૫૭ માં મુંબઇ પાસે ડૉ. ભાભાના માર્ગદર્શન હેઠળ ટ્રામ્બેમાં પરમાણું સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.
- ઇ.સ. ૧૯૫૫માં તેઓ જીનીવા ખાતે યોજાયેલ સંયુક્ત રાષ્ટ્રની અણુશક્તિનાં શાંતિમય ઉપયોગની સભાના પ્રમુખ બન્યા.
- ૨૪ જાન્યુ. ૧૯૬૬ નાં રોજ અવસાન થયું.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભારતના મહાન વૈજ્ઞાનિકનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિકનાં જીવન પરથી પ્રેરણા મળે.
- વિદ્યાર્થીઓને પરમાણુ-શક્તિ વિશે જાણકારી આપવી.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને મહાન વ્યક્તિનાં જીવનનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન/ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, ડૉ. ભાભાના ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને બીજા વૈજ્ઞાનિકોનાં જીવનનાં પ્રસંગો કહે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવો પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમે કોઇ વૈજ્ઞાનિક વિશે કંઈ જાણો છો?
- વૈજ્ઞાનિક શું કાર્ય કરે?
- ભારતના કોઇ એક વૈજ્ઞાનિકનું નામ જણાવો.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - વિજ્ઞાન, વૈજ્ઞાનિક, ડૉ. ભાભા, એવોર્ડ
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન ભારતના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓ સાથે બીજા વૈજ્ઞાનિકનાં જીવન વિશે ચર્ચા કરો જેથી તેઓને જ્ઞાન મળે.
- આ પાઠ દ્વારા ડૉ. હોમી ભાભાનાં જીવન તથા કાર્યનો પરિચય કરાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

- 'ઇક' પ્રત્યય જોડીને નવો શબ્દ બનાવો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

૧) આ પાઠમાં કયા વૈજ્ઞાનિકની વાત કરવામાં આવી છે.
૨) ડૉ. ભાભાનો જન્મ ક્યારે થયો હતો?
૩) ડૉ. ભાભા વિદેશમાં કેટલા વર્ષ રહ્યો?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

૧) ડૉ. ભાભાએ શો સંકલ્પ કર્યો હતો?
૨) ભારત સરકારે ડૉ. ભાભાને કઇ પદવી આપી?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) ડૉ. ભાભા વિશે દસ વાક્યો લખો.
૨) ડૉ. ભાભાનાં અવસાન વિશે લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.
- 'વિજ્ઞાન લાભાદાયી' વિષય પર એક નિબંધ લખો.

## કાર્યપત્રિકા-૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલાં વૈકલ્પિક પ્રશ્નોનાં સાચાં જવાબ શોધો.**

૧) ડૉ. ભાભાનો જન્મ ક્યારે થયો?
(ક) ઈ.સ. ૧૯૦૯ (ખ) ઈ.સ. ૧૯૩૦ (ગ) ઈ.સ. ૧૯૫૭ (ઘ) ઈ.સ. ૧૯૪૦

૨) ડૉ. ભાભાનું અવસાન થયું.
(ક) ઈ.સ. ૧૯૪૮ (ખ) ઈ.સ. ૧૯૪૧ (ગ) ઈ.સ. ૧૯૬૬ (ઘ) ઈ.સ. ૧૯૫૫

૩) ડૉ. ભાભા પી.એચ.ડી. થયા.
(ક) ઈ.સ. ૧૯૨૬ (ખ) ઈ.સ. ૧૯૩૪ (ગ) ઈ.સ. ૧૯૪૦ (ઘ) ઈ.સ. ૧૯૩૦

૪) ડૉ. ભાભાને ઇ.સ. ૧૯૫૪માં કઇ પદવી મળી.
(ક) ભારત રત્ન (ખ) પદ્મશ્રી (ગ) પી.એચ.ડી. (ઘ) પદ્મભૂષણ

૫) ડૉ. ભાભા ઈંગ્લેન્ડ ગયા ત્યારે તેમની ઉંમર કેટલા વર્ષ હતી?
(ક) ૧૭ વર્ષ (ખ) ૨૦ વર્ષ (ગ) ૩૪ વર્ષ (ઘ) ૩૦ વર્ષ

## કાર્યપત્રિકા-૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ શબ્દોને જોડીને નવો શબ્દ બનાવો.**

૧) સમ્ + ચાલાક = ............................
૨) વિજ્ઞાન + ઇક = ............................
૩) માર્ગ + દર્શક = ............................
૪) સમ્ + ગઠન = ............................
૫) વિ + દેશ = ............................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) ડૉ. ભાભાનો જન્મ ૩૦ ઑક્ટોબર ૧૯૦૯નાં રોજ મુંબઈમાં એક પારસી પરિવારમાં થયો હતો.
૨) ડૉ. ભાભા ઈંગ્લેન્ડ ગયા ત્યારે તેમની ઉંમર ૧૭ વર્ષની હતી.
૩) ડૉ. ભાભા ૧૪ વર્ષ સુધી વિદેશમાં રહ્યાં.
૪) ડૉ. ભાભાએ અણુ ઊર્જા મેળવીને ભારત દેશને ઉપયોગી થવાનો સંકલ્પ કર્યો હતો.
૫) ભારત સરકારે ડૉ. ભાભાને ઇ.સ. ૧૯૫૪માં 'પદ્મભૂષણ' ની પદવી આપી હતી.
૬) ૨૪ જાન્યુઆરી ૧૯૬૬નાં રોજ ફ્રાંસમાં એક વિમાન અકસ્માતમાં ૫૬ વર્ષની વયે ડૉ. ભાભાનો જીવનદીપ બુઝાઇ ગયો.
૭) ડૉ. ભાભાનો જન્મ ૩૦ ઑક્ટોબર ૧૯૦૯નાં રોજ મુંબઇ સ્થિત એક પારસી પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતાં. ૧૭ વર્ષની વયે ઈંગ્લેન્ડ અભ્યાસ માટે ગયા. ત્યાં કેંબ્રિજ યુનિવર્સિટીમાં ઇ.સ. ૧૯૩૦માં યંત્ર વિજ્ઞાનથી પરીક્ષા પાસ કરીને ત્યાં જ ઇ.સ. ૧૯૩૪માં પી.એચ.ડી. થયા. તેઓ ૧૪ વર્ષ વિદેશમાં રહ્યાં. ત્યાંથી ઇ.સ. ૧૯૪૧માં સાયન્સમાં ભૌતિક વિજ્ઞાનનાં

રીડર બન્યા. અહીં તેમણે ઘણાં સંશોધનો કર્યા. તેમણે ભારતને પરમાણુશક્તિ દ્વારા ઉદ્યોગ અને સિંચાઈ થઈ શકે એવું સ્વપ્ન જોયુ હતું. ૨૪ જાન્યુઆરી ૧૯૬૬નાં રોજ તેમનું અવસાન થયું.

**જ.૨ જોડકાં જોડો.**

| | **(ક)** | **(ખ)** |
|---|---|---|
| ૧) | ડૉ. ભાભાનો જન્મ | ઈ.સ. ૧૯૦૯ |
| ૨) | કોસ્મિક રે ઈંસ્ટિટ્યૂટની સ્થાપના | ઈ.સ. ૧૯૩૯ |
| ૩) | ડૉ. ભાભાનું મૃત્યુ | ઈ.સ. ૧૯૬૬ |
| ૪) | ડૉ. ભાભા ભારત પાછા આવ્યા | ઈ.સ. ૧૯૪૧ |
| ૫) | પદ્મભૂષણની પદવી મેળવી | ઈ.સ. ૧૯૫૪ |

**જ.૩ ખાલી જગ્યા પૂરો.**

૧) ૨૦ જાન્યુઆરી ૧૯૫૭ માં મુંબઇ પાસે ટ્રામ્બે માં ડૉ. ભાભાનાં માર્ગદર્શન હેઠળ પરમાણુ સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.

૨) ઈ.સ. ૧૯૩૯ માં સી.વી. રામનનાં નેજા હેઠળ કોસ્મિક રે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ.

૩) ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ નાં રોજ ફ્રાંસ માં એક વિમાન અકસ્માતમાં ૫૬ વર્ષની વયે ડૉ. ભાભાનું અવસાન થયું.

## વ્યાકરણ વિભાગ

**(ક) આપેલ શબ્દોને જોડીને શબ્દ બનાવો.**

૧) પરમાણુ ૨) આંતર્રાષ્ટ્રીય ૩) સંચાલક ૪) વૈજ્ઞાનિક ૫) સદુપયોગ

**(ખ) આપેલ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) તારાજી - બોમ્બમારાથી તારાજી સર્જાઈ જાય છે.
૨) શાંતિમય - મંદિરમાં શાંતિમય વાતાવરણ હતું.
૩) વ્યવસ્થા - પપ્પાએ પૈસાની વ્યવસ્થા કરી લીધી છે.
૪) મદદ - આપણે મુશ્કેલીનાં સમયે બીજાને મદદ કરવી જોઈએ.

**(ગ) સાચી જોડણી**

૧) સ્થાપના ૨) ભૌતિક ૩) તરીકે ૪) વિદેશ

**(ઘ) કક્કા-બારાક્ષરી પ્રમાણે ક્રમશ ગોઠવો.**

૧) કેન્દ્ર ૨) માર્ગદર્શન ૩) મુંબઈ ૪) શરૂઆત ૫) સમય ૬) સંશોધન

**(ચ) સુલેખન વિદ્યાર્થીઓ પાસે જાતે કરાવો.**

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) (ક) ઈ.સ. ૧૯૦૯ ૨) (ગ) ઈ.સ. ૧૯૬૬ ૩) (ખ) ઈ.સ. ૧૯૩૪
૪) (ઘ) પદ્મભૂષણ ૫) (ક) ૧૭ વર્ષ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) સંચાપલક ૨) વૈજ્ઞાનિક ૩) માર્ગદર્શક ૪) સંગઠન ૫) વિદેશ

# ૭ ધ્રુવ તારો

## પાઠની રૂપરેખા

- મનુ રાજાના પુત્ર ઉત્તાનપાદને સુનીતિ અને સુરુચિ નામે બે રાણીઓ હતી.
- સુનીતિનો પુત્ર ધ્રુવ અને સુરુચિનો પુત્ર ઉત્તમ.
- સુનીતિ ઉદાર દિલવાળી, જ્યારે સુરુચિ ઈર્ષ્યાળુ હતી.
- રાજા ઉત્તાનપાદનાં ખોળામાં ઉત્તમને બેઠેલો જોઈને ધ્રુવે પણ પિતાના ખોળામાં બેસવાની ઈચ્છા વ્યક્ત કરી.
- રાણી સુરુચિએ બાવડું પકડીને ધ્રુવને ઉતારી દીધો.
- રાજકુમાર ધ્રુવ રડતાં-રડતાં માતા પાસે ગયો. બધી હકીકત કહી.
- માતા સુનીતિએ તેને વિષ્ણુ ભગવાનની તપસ્યા કરવા કહ્યું.
- ધ્રુવ એક પગે ઉભા રહીને વિષ્ણુ ભગવાનની આરાધના કરવા લાગ્યો.
- ભગવાન વિષ્ણું પ્રસન્ન થયાં.
- ધ્રુવને આકાશમાં કાયમ માટે ચમકતાં રહેવાનું વરદાન મળ્યું.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને તપસ્યાનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને સાચી ભક્તિ વિશે સમજાવવું.
- વિદ્યાર્થીઓને ધ્રુવની ભક્તિ વિશે જાણકારી આપવી.
- વિદ્યાર્થીઓને આકાશમાં ચમકતા ધ્રુવતારા વિશે સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ગીત રચનાનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઈટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, અન્ય ઉપયોગી ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને સાચી ભક્તિનું મહત્ત્વ સમજાવો.
- વિદ્યાર્થીઓને વિવિધ પૌરાણિક પ્રસંગો કરે.
- પોતાના અનુભવ પ્રમાણે શિક્ષક વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

### પ્રશ્નોત્તર

- તમને પૌરાણિક પ્રસંગો ગમે કે નહીં?
- આકાશમાં દિવસ-રાત ચમકતો એક તારલો છે તેનું નામ શું છે?
- ધ્રુવની ભક્તિ વિશે તમે જાણો છો?

**પઠન** – શિક્ષક પાઠ પઠન કરશે અને કરાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - ધ્રુવકુમાર, ધ્રુવ તારો, ભક્તિ, તપસ્યા
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઈએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઈએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઈએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન પૌરાણિક કથાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી પૌરાણિક કથાઓનાં અંશ સંભળાવો જેથી વિદ્યાર્થીઓને જીવન જીવવાનો બોધ મળે.
- આ વાર્તા દ્વારા સાચી ભક્તિનું મહત્ત્વ સમજાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

આપેલ ફૂલની પાંખડીઓમાં દેવતાઓનાં નામ લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

### સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) ધ્રુવના પિતાનું નામ જણાવો.

(૨) ધ્રુવનાં માતાનું નામ જણાવો.

(૩) ધ્રુવે કયા ભગવાનની આરાધના કરી હતી?

### વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) રાજા ઉત્તાનપાદના બે પુત્રોનાં નામ લખો.

(૨) સુનીતિનો સ્વભાવ કેવો હતો?

(૩) માતા સુનીતિએ ધ્રુવને શી સલાહ આપી?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) ધ્રુવકુમારે ભગવાન વિષ્ણુની આરાધના કઇ રીતે કરી?

(૨) ધ્રુવકુમારે ભગવાન વિષ્ણુ પાસેથી કયુ વરદાન માંગ્યું?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબો લખો.
- 'સાચી ભક્તિ' વિષય ઉપર એક ફકરો લખો.

## કાર્યપત્રિકા-૧ (પાઠમાંથી)

**પ્ર.૧ માત્ર એક શબ્દમાં જવાબ આપો :**

૧) રાજા ઉત્તાનપાદનાં પિતાનું નામ હતું. - ..........................

૨) રાજા ઉત્તાનપાદને કેટલી રાણી હતી? - ..........................

૩) ધ્રુવની માતાનું નામ હતું. - ..........................

૪) ઉત્તમની માતાનું નામ હતું. - ..........................

૫) ધ્રુવકુમારને જંગલમાં કોણ મળ્યું? - ..........................

૬) ધ્રુવકુમારનું અપમાન કોણે કર્યું? - ..........................

૭) ધ્રુવકુમારે સતત કેટલો માસ તપ કર્યું? - ..........................

૮) ધ્રુવકુમારની તપસ્યાથી કોણ પ્રસન્ન થયું? - ..........................

## કાર્યપત્રિકા-૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ શબ્દોના સંજ્ઞાનાં પ્રકાર ઓળખાવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | ધ્રુવકુમાર | - ............... | ૨) | રાજા | - ............... |
| ૩) | દુઃખી | - ............... | ૪) | ખુશી | - ............... |
| ૫) | સુનીતિ | - ............... | ૬) | પુત્ર | - ............... |
| ૭) | વિષ્ણુ | - ............... | ૮) | નિર્દોષતા | - ............... |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.**

૧) રાજા ઉત્તાનપાદનાં એક પુત્રનું નામ ધ્રુવ અને બીજાનું નામ ઉત્તમ હતું.

૨) બંને રાણીઓમાંથી પહેલી રાણી સુનીતિ ઉદાર દિલવાળી હતી.

૩) સુનીતિ ઉદાર દિલવાળી હતી. તે પોતાનાં પુત્ર ધ્રુવને અને સુરુચિનાં પુત્ર ઉત્તમને સમાન ગણતી હતી.

૪) ઉત્તમને પિતાના ખોળામાં બેઠેલો જોઇને ધ્રુવને પણ પિતાના ખોળામાં બેસવાની ઇચ્છા થઇ.

૫) માતા સુનીતિએ ધ્રુવને સમજાવ્યું કે આખાયે જગતનાં તાત ભગવાન વિષ્ણુ છે તેથી તેમને પ્રસન્ન કરવા જોઇએ.

૬) ધ્રુવકુમારે યમુના જલમાં સ્નાન કરીને નિરાહાર રહીને એકાગ્ર ચિત્તે શ્રી વિષ્ણુ ભગવાનની આરાધના કરી. સતત પાંચ માસ સુધી તેણે પગના એક અંગૂઠા પર ઊભા રહીને સ્થિર ચિત્તે તપસ્યા કરી.

૭) ધ્રુવકુમારે ભગવાન વિષ્ણુ પાસેથી વિષ્ણુ ભગવાનના ખોળામાં બેસવાનું વરદાન માગ્યું. તેમણે માગ્યું કે તેને વિષ્ણુ ભગવાનના ખોળામાંથી કોઈ ઉતારી ન શકે.

**જ.૨ માત્ર એક વાક્યમાં જવાબ.**

૧) ઉત્તાનપાદ ૨) ધ્રુવકુમાર ૩) ઉત્તમ ૪) ભગવાન વિષ્ણુની ૫) નારદમુનિ

**જ.૩ ખાલી જગ્યા પૂરો.**

૧) ધ્રુવનું અપમાન રાણી સુરુચિ એ કર્યુ. ૨) ધ્રુવકુમારે યમુના જલમાં સ્નાન કર્યું.

૩) ધ્રુવકુમારે સતત પાંચ માસ તપસ્યા કરી. ૪) આજે પણ ધ્રુવ તારો આકાશમાં સદાય ઝળહળતો રહે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો લખો.**

૧) નૃપ ૨) અરણ્ય ૩) અવસર ૪) જનની

**(ખ) લિંગ બદલો.**

૧) રાણી ૨) પિતા ૩) પુત્રી ૪) કુમાર

**(ગ)**

| **વ્યક્તિવાચક સંજ્ઞા** | **જાતિવાચક સંજ્ઞા** | **ભાવવાચક સંજ્ઞા** |
|---|---|---|
| ઉત્તમ | રાજા | ઉદાર |
| ધ્રુવ | પુત્ર | ગુસ્સો |
| ઉત્તાનપાદ | રાણી | અપમાન |
| વિષ્ણુ | માતા | પ્રસન્ન |

**(ખ) શબ્દોનો વાક્યમાં પ્રયોગ**

૧) તપસ્યા - ધ્રુવે કઠોર તપસ્યા કરી.

૨) આરાધના - સાચા દિલથી કરેલી ઇશ્વરની આરાધના સફળતા અપાવે જ છે.

૩) સંસાર - રાજા સંસારમાં પ્રખ્યાત થઇ ગયો.

૪) સદાય - આપણે સદાય સાચું બોલવું જોઇએ.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** (૧) મનુરાજા (૨) બે (૩) સુનીતિ (૪) સુરુચિ

(૫) નારદજી (૬) સુરુચિએ (૭) પાંચ (૮) વિષ્ણુ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** (૧) વ્યક્તિવાચક સંજ્ઞા (૨) જાતિવાચક સંજ્ઞા (૩) ભાવવાચક સંજ્ઞા

(૪) ભાવવાચક સંજ્ઞા (૫) વ્યક્તિવાચક સંજ્ઞા (૬) જાતિવાચક સંજ્ઞા

(૭) વ્યક્તિવાચક સંજ્ઞા (૮) ભાવવાચક સંજ્ઞા

# ૮ હું તો પૂછું

## કાવ્યની રૂપરેખા

- કવિ સુન્દરમ્ પોતાનાં મનનાં સવાલો જણાવે છે.
- પ્રકૃતિની કરામતો પ્રત્યે કવિ જિજ્ઞાસાવૃત્તિ દર્શાવતાં પૂછે છે.
- મોરરલાની પીંછીમાં રંગબેરંગી ટીલડી કોણે જડી?
- મીંદડીની માંજરી આંખને ચમકતી કોણે કરી?
- આંબાની ટોચે કૂંપળો કોણે ઉગાડી?
- ગાયનાં પેટમાં મીઠી ધાર એટલે કે દૂધ કોણે ભર્યું?
- આમ કવિ આવા કુદરતની લીલાનાં અનેક રહસ્યો જાણવાની જિજ્ઞાસાવૃત્તિ વ્યક્ત કરે છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને કુદરતી કરામત તરફ જાગૃતિ કેળવવી.
- વિદ્યાર્થીઓને પ્રકૃતિ દર્શન તરફ પ્રેરિત કરવા.
- વિદ્યાર્થીઓને પ્રભુની સત્તા સમજાવવી.
- વિદ્યાર્થીઓને કુદરતી રહસ્યો તથા કલા પ્રત્યે જાગૃત કરવા.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને કુદરતનાં રહસ્યોથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓમાં કવિતા કલા પ્રત્યે પ્રેરણા આપવી.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને પ્રકૃતિ વિશે જાગૃત કરવાનાં પ્રયાસો કરે.
- પોતાના અનુભવ પ્રમાણે શિક્ષક વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

### પ્રશ્નોત્તર

(૧) તમે પ્રકૃતિ વિશે શું જાણો છો?
(૨) પ્રકૃતિનાં તત્ત્વો કયા કયા ગણાય?
(૩) ઇશ્વરની સત્તાને કઇ રીતે ઓળખી શકાય?
(૪) પ્રકૃતિનાં રહસ્યો વિશે તમે શું કહેશો?

**પઠન** – શિક્ષક કાવ્ય પઠન કરશે અને કવિતા સમજાવશે.
– શિક્ષક વિદ્યાર્થીઓને પણ કવિતા પઠન શીખવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - પ્રકૃતિનાં તત્ત્વો, માણસની જિજ્ઞાસા, પ્રકૃતિ અને મનુષ્ય
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન પ્રકૃતિનાં રહસ્યોનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને ઇશ્વરની લીલા વિશે વાત કરો જેથી તે પ્રભુસત્તાનો સ્વીકાર કરે.
- આ કવિતા દ્વારા મનની જિજ્ઞાસા જાગૃત કરવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

આપેલ કોષ્ઠકમાંથી પ્રકૃતિનાં તત્ત્વોને અલગ તારવીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| આ | ગ | પ | ક્ષી | સૂ |
| કા | પ | વ | ન | ર |
| શ | પા | ન | ર | જ |
| પ્રા | ણી | દી | ચં | તા |
| જ | સ | મુ | દ્ર | રા |

૧) પવન
૨) ..................
૩) ..................
૪) ..................
૫) ..................
૬) ..................
૭) ..................
૮) ..................
૯) ..................
૧૦) ..................
૧૧) ..................
૧૨) ..................
૧૩) ..................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) કવિતાનાં કવિ કોણ છે?
(૨) આ કવિતામાં કવિને ચાંદામાં શું દેખાય છે?
(૩) મોરલાની પીંછીમાં શું જડ્યું છે?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) આ કવિતામાં પ્રશ્નો દ્વારા કવિએ શું બતાવ્યું છે?
(૨) કવિએ કેવા-કેવા પ્રશ્નો પૂછ્યા છે?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) કવિતાનો મુખ્ય ભાવ વર્ણવો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.
- સુન્દરમ્‌નાં અન્ય કાવ્યો મેળવો.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપૂર્તિ કરો.**

૧) હું તો પૂછું કે ..........................................................................
..........................................................................
..........................................................................
.......................................................................... કોણે જડી?

૨) વળી પૂછું કે ..........................................................................
..........................................................................
..........................................................................
.......................................................................... કોણે કરી?

૨) હું તો પૂછું કે ..........................................................................
..........................................................................
..........................................................................
.......................................................................... ચૂંદડી કોણે કરી?

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચા જવાબો પસંદ કરો.**

૧) 'સૂરજ'નો પર્યાયવાચી નથી.
(ક) સુધાકર (ખ) દિનકર (ગ) દિવાકર (ઘ) ભાનુ

૨) 'હાથ' નો પર્યાયવાચી નથી.
(ક) હસ્ત (ખ) કર (ગ) પાણિ (ઘ) અંગુષ્ઠ

૩) બધાંથી જુદાં અર્થવાળો શબ્દ છે.
(ક) દૂધ (ખ) પય (ગ) દહીં (ઘ) ક્ષીર

૪) 'આંખ'નો પર્યાયવાચી શબ્દ નથી.
(ક) ચક્ષુ (ખ) નેત્ર (ગ) નયન (ઘ) ભાલ

૫) 'ડોશી' શબ્દનો પર્યાયવાચી છે.
(ક) મહિલા (ખ) વૃદ્ધા (ગ) સ્ત્રી (ઘ) વનિતા

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧) મોરલાની પીંછીમાં રંગરંગવાળી ટીલડી જડી છે. ૨) બિલાડીની આંખ માંજરી છે.
૩) કવિને ચાંદામાં બકરી ને ડોસીની ઝૂંપડી દેખાય છે. ૪) કવિએ આભને હથેળીની ઉપમાં આપી છે.
૫) આંખનું કાર્ય દસેય દિશાઓ જોવાનું છે.
૬) કવિ સુંદરમે આ કવિતામાં માણસની પ્રકૃતિની કરામતો પ્રત્યેની જીજ્ઞાસા વ્યક્ત કરી છે. માણસનું મન પ્રકૃતિને સમજવા માટે ઘણું નાનું છે. તેથી કવિ પ્રશ્ન રૂપે કહે છે કે મોરની પીંછીમાં રંગબેરંગી

ટીલડી કોણે કરી છે? માંજરી આંખવાળી બિલાડીની આંખમાં ચમકતી કીકીઓ કોણે મઢી છે? ઝાડ પર ઊંચે-ઊંચે કૂંપમો કોણે મૂકી છે? ગાયનાં પેટે દૂધની ધાર કોણે વહાવી છે? આભમાં સૂરજ, ચાંદ ને તારાઓ કોણે મૂક્યાં છે? એ આભને નવલખ તારા રૂપી હીરાથી મઢેલી ચૂંદડી સાથે સરખાવે છે. માણસને દિશાઓ નિહાળવા આંખ કોણે આપી? આમ કવિ કુદરતની બક્ષિસનો આભાર માનતા પોતાનાં મનનાં સહજ ઉદ્‌ભવતાં પ્રશ્નો રજૂ કરે છે.

**જ.૨ કાવ્યપૂર્તિ કરો. (વિદ્યાર્થીઓને જાતે કરવાનું કહો.)**

**જ.૩** ૧) **ભાવાર્થ :** કવિ કુદરતની કરામત પ્રત્યે પોતાની જીજ્ઞાસા વ્યક્ત કરે છે કે ગાયના પેટે ધોળી મીઠી દૂધની ધાર કોણે ભરી? આમ કુદરતની લીલા અપરંપાર છે.

૨) **ભાવાર્થ :** કવિ કુદરતે બનાવેલી સજીવસૃષ્ટિ પ્રત્યે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહે છે કે પોપચે મઢેલી આ આંખ, જેનું કાર્ય બધી દિશાઓ નિહાળવાનું છે એ આંખનું સર્જન અદ્‌ભૂત છે. કુદરતે સજીવોને આંખનાં માધ્યમથી જાગૃત બનાવવાની શક્તિ અર્પી છે.

## વ્યાકરણ વિભાગ

**(ક)**

| **(અ)** | **(બ)** |
|---|---|
| આંખ | માંજરી |
| દૂધ | ધોળું |
| ધાર | મીઠી |
| કીકી | ચકમકતી |

**(ખ) પર્યાયવાચી શબ્દો.**

૧) સૂર્ય, દિવાકર ૨) હસ્ત ૩) વૃદ્ધા ૪) પય

**(ગ) શુદ્ધ રૂપ.**

૧) ગાય ૨) પહોંચે ૩) આંબો

**(ઘ) કક્કા-બારાક્ષરી પ્રમાણે ક્રમશઃ લખો.**

૧) આભ ૨) આભલા ૩) ટીલડી ૪) સૂરજ ૫) હથેળી

**(ચ) શબ્દસમૂહ માટે એક શબ્દ.**

૧) ભમરડી ૨) ચકમકતું ૩) કૂંપળ ૪) નવલખું

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** કાવ્યપૂર્તિ પાઠ્યપુસ્તક પ્રમાણે લખાવવી.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** (૧) (ક) સુધાકર (૨) (ઘ) અંગુષ્ઠ (૩) (ગ) દહીં (૪) (ઘ) ભાલ

(૫) (ખ) વૃદ્ધા

# ૯ ઓણમ

## પાઠની રૂપરેખા

- દક્ષિણ ભારતનાં કેરળ રાજ્યનો અતિ પ્રાચીન તહેવાર છે- ઓણમ.
- ઓણમને કેરળમાં લણણીનો તહેવાર પણ મનાય છે.
- પ્રહલાદનો પૌત્ર રાજા મહાબલિ વિષ્ણુનો ભક્ત હતો.
- મહાબલિએ દેવોને હરાવીને ત્રણે લોક જીતી લીધાં હતાં.
- મહાબલિએ નર્મદા નદીને કિનારે વિશ્વજીત યજ્ઞ કરતી વેળા કોઇ પણ યાચકને માગ્યા પ્રમાણે આપવાની જાહેરાત કરી.
- વિષ્ણુ ભગવાને વામન અવતાર લઇને ત્રણ પગલા જમીન માગી.
- શુક્રાચાર્યની મનાઇ હોવા છતાં મહાબલિએ આપવાની તૈયારી બતાવી.
- વામન રૂપે વિષ્ણુએ એક પગલામાં પૃથ્વી, બીજા પગલાથી દેવલોક ને અંતિમ પગલું મહાબલિનાં મસ્તક પર મૂકીને તેને પાતાળલોકમાં ધકેલી દીધો.
- મહાબલિ પાતાળલોકનો રાજા બન્યો.
- મહાબલિને વર્ષમાં એક વખત પોતાના સ્વજનોને મળવાની અનુમતિ આપી.
- ત્યારથી કેરળમાં ઓણમનો તહેવાર ઉજવાય છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને તહેવારોનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને પૌરાણિક કથા વિશે જાણકારી આપવી.
- વિદ્યાર્થીઓમાં હળીમળીને રહેવાની ને તહેવારની ઉજવણી કરવાની સમજ કેળવવી.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓ પ્રાચીન તહેવારથી પરિચિત થાય.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય કેળવવા.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, ઓણમ વિશેનાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિદ્યાર્થીઓને જુદાં-જુદાં પ્રસંગો સંભળાવે અને વર્ણન કરે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- ભારતમાં કયા-કયા તહેવારો ઉજવાય છે?
- તહેવારોથી શું ફાયદો થાય છે?
- કેરળનો તહેવાર ક્યાં પ્રખ્યાત છે?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - ધાર્મિક તહેવારો, રાષ્ટ્રીય તહેવારો, તહેવારોથી લાભ.

- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન પૌરાણિક તહેવારનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને તહેવારો લગતી બીજી પૌરાણિક કથાઓ સમજાવો જેથી તેઓને તહેવારનું મહત્ત્વ સમજાય.
- આ પાઠ ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવે છે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

આપેલ કોષ્ઠકમાંથી તહેવારોનાં નામ શોધીને લખો :

| | | | | |
|---|---|---|---|---|
| ન | જ | ન્મા | ષ્ટ | મી |
| વ | દિ | વા | ળી | મ |
| રા | હો | ઓ | ણ | મ |
| ત્રિ | ળી | ધૂ | ળે | ટી |
| પોં | ગ | લ | લો | રી |

(૧) નવરાત્રિ (૫) ....................
(૨) .................... (૬) ....................
(૩) .................... (૭) ....................
(૪) .................... (૮) ....................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) ઓણમ કયા રાજ્યનો તહેવાર છે? (૨)મહાબલિ કોનો પૌત્ર હતો?
(૩) કેરળનો સુવર્ણયુગ ક્યારે હતો?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) ભગવાન વિષ્ણુએ કયુ સ્વરૂપ ધારણ કર્યુ? (૨) યજ્ઞ દરમિયાન મહાબલિએ શી જાહેરાત કરી?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) ભગવાન વિષ્ણુએ વામન અવતાર શા માટે લીધો? (૨) શુક્રાચાર્યે મહાબલિને શું કહ્યું? શા માટે?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.
- 'મારો પ્રિય તહેવાર' વિષય પર નિબંધ લખો.

## કાર્યપત્રિકા – ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચા જવાબ શોધીને લખો.**

૧) ઓણમ કયા રાજ્યનો તહેવાર ગણાય છે?
(ક) કેરળ (ખ) ઉત્તરપ્રદેશ (ગ) આંધ્રપ્રદેશ (ઘ) ગુજરાત

૨) મહાબલિ કોનો પૌત્ર હતો?
(ક) વિષ્ણુ (ખ) શુક્રાચાર્ય (ગ) પ્રહલાદ (ઘ) વામન

૩) મહાબલિનાં ગુરૂનું નામ હતું.
(ક) કૃપાચાર્ય (ખ) શુક્રાચાર્ય (ગ) દ્રોણાચાર્ય (ઘ) ભાસ્કરાચાર્ય

૪) વામન સ્વરૂપે કોણ હતું?
(ક) શંકર (ખ) ઈન્દ્ર (ગ) પ્રહલાદ (ઘ) વિષ્ણુ

૫) કેરળવાસીઓ ઓણમનો તહેવાર કેટલા દિવસ સુધી ઉજવે છે?
(ક) ૭ (ખ) ૧૫ (ગ) ૩૦ (ઘ) ૧૦

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ નીચે આપેલ શબ્દોને વ્યક્તિવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા અને જાતિવાચક સંજ્ઞા પ્રમાણે અલગ પાડો.**

૧) પ્રહલાદ ૨) ઉજવણી ૩) તહેવાર ૪) ભગવાન ૫) દેવો ૬) વિજેતા
૭) વિષ્ણુ ૮) શુક્રાચાર્ય ૯) ખુશી

## ઉત્તર – શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોના જવાબો લખો.**

૧) ઓણમ એ કેરળ રાજ્યનો તહેવાર ગણાય છે.
૨) મહાબલિના શાસનકાળ દરમિયાન કેરળનો સુવર્ણયુગ હતો.
૩) મહાબલિ પ્રહલાદનો પૌત્ર હતો. તે અસુર હોવા છતાં દાદા પ્રહલાદ પાસેથી વિષ્ણુ ભગવાન પ્રત્યેની ભક્તિ શીખ્યો હતો.
૪) યજ્ઞ દરમિયાન મહાબલિએ જાહેરાત કરી કે યજ્ઞ દરમિયાન તે કોઈ પણ વાચકને માગ્યા પ્રમાણે આપશે.
૫) ભગવાન વિષ્ણુએ વામન રૂપ ધારણ કર્યું.

**જ.૨ નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.**

૧) મહાબલિ દેવોને હરાવીને ત્રણે લોકનો વિજેતા બની ગયો. તેથી દેવો ત્રાસી ગયા હતાં. તેઓ મદદ માટે વિષ્ણુ ભગવાન પાસે ગયા. ત્યારે વિષ્ણુએ કહ્યું કે મહાબલિ પોતાના સારા કાર્યોને કારણે સુર બનવાને લાયક છે.
૨) મહાબલિ જ્યારે ત્રણે લોકનો વિજેતા બની ગયો ત્યારે ભગવાન વિષ્ણુ મહાબલિ પાસે વામન રૂપ ધારણ કરીને ગયા. જેથી તે ત્રણે લોક પાછા મેળવી શકે.
૩) શુક્રાચાર્ય વામન રૂપે આવેલાં વિષ્ણુને ઓળખી ગયા. ત્યારે તેણે મહાબલિને કહ્યું કે વામનની કોઈપણ માંગ પૂરી ન કરવી જોઈએ. કેમ કે તે બધું છીનવી લેશે.

**જ.૩ ખાલી જગ્યા પૂરો.**

૧) ભગવાન વિષ્ણુએ વામનનું રૂપ ધારણ કર્યું.

૨) ઓણમ એ દક્ષિણ ભારતનો તહેવાર છે.

૩) વામન ભગવાને ત્રણ પગલાં જમીન માગી.

૪) મહાબલિને ભગવાન વિષ્ણુએ પાતાળલોક નું રાજ્ય આપ્યું.

૫) મહાબલિના ગુરૂ શુક્રાચાર્ય હતાં.

**જ.૪ માત્ર એક શબ્દમાં જવાબ આપો.**

૧) ઓણમ ૨) દસ ૩) મહાબલિ ૪) શુક્રાચાર્ય ૫) ભગવાન વિષ્ણુ

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો.**

૧) ગુસ્સો ૨) જૂનું ૩) રાક્ષસ ૪) દેવ ૫) જગત

**(ખ) વિરોધી શબ્દો.**

૧) અસુર ૨) દાનવ ૩) અધમ ૪) અસાધારણ ૫) પાતાળ

**(ગ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) લણણી ૨) મહાબલિ ૩) યાચક ૪) પૌત્ર

**(ઘ) સાચી જોડણી.**

૧) ભક્તિ ૨) મહાબલિ ૩) પરીક્ષા ૪) પ્રાચીન ૫) લણણી

**(ચ) કક્કા-બારાક્ષરી પ્રમાણે ક્રમશઃ ગોઠવો.**

૧) નથી ૨) નદી ૩) બાબત ૪) બાળપણ ૫) ભગવાન ૬) ભારત

**(છ)**

| | વ્યક્તિવાચક સંજ્ઞા | જાતિવાચક સંજ્ઞા | ભાવવાચક સંજ્ઞા |
|---|---|---|---|
| ૧) | બાહુબલિ | પૌત્ર | મિઠાઈ |
| ૨) | શુક્રાચાર્ય | દૈત્ય | મક્કમ |
| ૩) | વામન | સુર | ખુશી |

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) (ક) કેરળ ૨) (ગ) પ્રહલાદ ૩) (ખ) શુક્રાચાર્ય ૪) (ઘ) વિષ્ણુ

૫) (ઘ) ૧૦

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧**

| ક્રમ | વ્યક્તિવાચક સંજ્ઞા | જાતિવાચક સંજ્ઞા | ભાવવાચક સંજ્ઞા |
|---|---|---|---|
| ૧) | પ્રહલાદ | તહેવાર | ઉજવણી |
| ૨) | વિષ્ણુ | ભગવાન | વિજેતા |
| ૩) | શુક્રાચાર્ય | દેવો | ખુશી |

# ૧૦ એક પુસ્તકની આત્મકથા

## પાઠની રૂપરેખા

- એક લેખકે વાર્તાઓ લખી, પ્રકાશકના સંપર્ક દ્વારા પુસ્તકનો જન્મ થયો.
- આકર્ષક ચિત્રો અને બાધાત્મક વાર્તાઓ જોઇને એક પિતાએ તેનાં પુત્રને તથા ભત્રીજીને બર્થ ડે ગીફ્ટ તરીકે આપ્યું.
- ભત્રીજીએ પુસ્તક સ્કૂલમાં લઇને તેની વર્ગશિક્ષિકાને બતાવ્યું.
- પુસ્તકને પોતાની પ્રશંસાથી આનંદ થયો.
- છોકરીએ પુસ્તકને કબાટમાં મૂકતાં જ ગભરામણ અનુભવાઇ.
- છોકરીનાં મામી પુસ્તક પોતાને ત્યાં લઇ ગયા.
- મામીની દીકરીને ખૂબ જ ગમ્યું.
- મામીનાં નાના દીકરાએ પુસ્તકનાં પાના ફાડી નાખ્યાં.
- પુસ્તક પસ્તીનાં ઢગલામાં ગયું.
- જીવન ભલે ટૂંકું હોય પણ તે કેવું જીવો છો તે મહત્ત્વનું.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પુસ્તકનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને પુસ્તક એ જ્ઞાનનું પરબ છે એવું સમજાવવું.
- વિદ્યાર્થીઓ પુસ્તક વાંચે અને વંચાવે એવી પ્રેરણા આપવી.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓનાં જીવનમાં પુસ્તક સાથે જ્ઞાનનું મહત્ત્વ વધારવું.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, કેટલાં અન્ય પુસ્તકો, ડસ્ટર

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને વિવિધ પુસ્તકો વિશે જણાવે જેથી તેઓમાં પુસ્તકપ્રેમ વધે.
- શિક્ષિક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- પુસ્તકો વિશે તમે શું જાણો છો?
- પુસ્તકો શા માટે ઉપયોગી છે?
- તમે કયા-કયા પુસ્તકો વાંચ્યા છે?

**પઠન** – શિક્ષક પાઠ વાંચે અને વંચાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે – પુસ્તકથી લાભ, મારું પ્રિય પુસ્તક, પુસ્તકની જાળવણી.

- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન પુસ્તકનું મહત્ત્વ વધારે છે.
- વિદ્યાર્થીઓને અન્ય પુસ્તક વિશે પરિચિત કરાવો જેથી તેઓને પુસ્તક એ જ્ઞાનનો ભંડાર છે એવું સમજાય.
- આ પાઠ દ્વારા પુસ્તકનું જીવનમાં મહત્ત્વ વધારવાનો પ્રયાસ.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ શબ્દ સીડીમાં લખેલાં શબ્દોને અલગ તારવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પુ | સ્ત | ક | | | | |
| | મ | લ | મ | | | |
| | | મ | મ | રા | | |
| | | | તા | મ | સ | |
| | | | | જી | જા | જી |

(૧) પુસ્તક
(૨) ....................
(૩) ....................
(૪) ....................
(૫) ....................
(૬) ....................
(૭) ....................
(૮) ....................
(૯) ....................

## રચનાત્મક મૂલ્યાંકન

### સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ પાઠમાં કોની વાત કરવામાં આવી છે?
(૨) પુસ્તકનો જન્મ ક્યાં થયો?
(૩) લેખકે લખેલી વાર્તાઓ કેવી હતી?

### વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) પુસ્તકને ક્યાં-ક્યાં સ્થાન મળ્યું?
(૨) છોકરી માટે પુસ્તક તેનું પ્રિયપાત્ર શા માટે બન્યું?
(૩) સજ્જને પુસ્તકની ભેટ કોને આપી?

### વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) લેખકે હસ્તપ્રત પ્રકાશને આપ્યા પછી પુસ્તક કેવી રીતે બન્યું? તેનું વર્ણન કરો.
(૨) પુસ્તક કબાટમાં પુરાયા બાદ તેની શી દશા થઈ?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.
- 'મારું પ્રિય પુસ્તક' વિશે લગભગ ૩૦ લીટીમાં નિબંધ લખો.

## કાર્યપત્રિકા-૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચાં જવાબ શોધીને લખો.**

૧) લેખકે લખેલી વાર્તાઓ કેવી હતી?
(ક) રહસ્યમય (ખ) સાહસીક
(ગ) બોધાત્મક (ઘ) આમાની એક પણ નહીં

૨) લેખકે હસ્તપ્રત કોને આપી?
(ક) પ્રકાશકને (ખ) ભત્રીજીને (ગ) પુત્રને (ઘ) મામીને

૩) પુસ્તકની કેટલી પ્રત છપાઇ?
(ક) ૧૦૦ (ખ) ૫૦૦ (ગ) ૩૦૦ (ઘ) ૫૦૦૦

૪) સજ્જને પુસ્તકની ભેટ કોને આપી?
(ક) પુત્રને (ખ) ભત્રીજીને (ગ) મામીને (ઘ) લેખકને

૫) કેરળવાસીઓ ઓણમનો તહેવાર કેટલા દિવસ સુધી ઉજવે છે?
(ક) કબાટમાં (ખ) બેગમાં (ગ) ખાનામાં (ઘ) ગોખલામાં

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ સંધિ જોડો.**

૧) સત્ + જન = ...................
૨) વિદ્યા + અર્થી = ...................
૩) દુર્ + દશા = ...................
૪) પુસ્તક + આલય = ...................
૫) પૃથુ + ઈ = ...................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) પુસ્તકનો જન્મ એક જ્ઞાનિ લેખકને ત્યાં થયો.
૨) લેખકે લખેલી વાર્તાઓ બોધાત્મક હતી.
૩) પુસ્તકને પુસ્તકાલયોમાં તથા દુકાનોમાં અન્ય પુસ્તકોની સાથે સ્થાન મળ્યું.
૪) સજ્જને પુસ્તકની ભેટ પોતાની ભત્રીજીને ''બર્થ ડે ગીફ્ટ'' તરીકે આપી.
૫) પુસ્તકમાં બોધાત્મક વાર્તાઓ અને સુંદર મજાનાં રંગીન ચિત્રો હોવાથી છોકરી માટે પુસ્તક તેનું પ્રિય પાત્ર બની ગયું.

**જ.૨ નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.**

(૧) લેખકે બોધાત્મક વાર્તાઓ લખી. તેની હસ્તપ્રત પ્રકાશકને બતાવી. પ્રકાશકે વાર્તાને અનુરૂપ ચિત્રો બનાવડાવ્યા. મુખપૃષ્ઠ બનાવડાવ્યું. આમ બધી વાર્તાઓનું છાપકામ કરાવીને પુસ્તક બન્યું.

(૨) પુસ્તક છોકરી પાસે હતું. તેણે ત્રણ વર્ષ પછી પુસ્તકને એક કબાટમાં મુક્યું. કબાટમાં પુસ્તકને મુંઝવણ થવા લાગી. એક દિવસ છોકરીનાં મામીએ કબાટ ખોલ્યો. પછી પુસ્તકને હાશકારો થયો.

(૩) આપણે કોઈને પુસ્તક ભેટ આપવું હોય તો તે પુસ્તક કંઇક ઉપયોગી અને બોધાત્મક વાર્તાઓ કે લેખો વાળું હોવું જોઇએ. તેનાં ચિત્રો આકર્ષક હોવા જોઇએ.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દ લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | ઉપદેશ | ૨) | ચોપડી | ૩) | દિકરો | ૪) | અવદશા |

**(ખ) વિરોધી શબ્દો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | સુદશા | ૨) | રાત | ૩) | લાંબુ | ૪) | મૃત્યુ |

**(ગ) લિંગ બદલો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | દીકરો | ૨) | માતા | ૩) | પુત્રી | ૪) | લેખિકા |

**(ઘ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | પ્રકાશક | ૨) | હસ્તપ્રત | ૩) | બોધાત્મક | ૪) | ભત્રીજી |

**(ચ) સંધિ જોડો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | સજ્જન | ૨) | વિદ્યાર્થી | ૩) | દુર્દશા |

**(છ) કક્કા-બારાક્ષરી પ્રમાણે ક્રમશઃ ગોઠવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | જ્ઞાની | ૨) | પુસ્તક | ૩) | બોધ |
| ૪) | લેખક | ૫) | વાર્તા | ૬) | વિક્રેતા |

**(જ) શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) પ્રકાશક - પ્રકાશકે પુસ્તક પ્રકાશિત કર્યું.
૨) સ્થાન - લેખકે પોતાનાં પુસ્તકોમાં વાર્તાને સ્થાન આપ્યું.
૩) પસ્તી - ક્યારેક પસ્તી પણ ઉપયોગી થાય છે.
૪) તોફાની - છોકરો બહુ તોફાની હતો.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) (ગ) બોધાત્મક ૨) (ક) પ્રકાશકને ૩) (ઘ) ૫૦૦૦
૪) (ખ) ભત્રીજીને ૫) (ક) કબાટમાં

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) સજ્જન ૨) વિદ્યાર્થી ૩) દુર્દશા ૪) પુસ્તકાલય ૫) પૃથ્વી

# ૧૧ મારો સોનાનો ઘડૂલો

## કાવ્યની રૂપરેખા

- આ કાવ્યમાં કોડ ભરી નારીની મનોભાવના વ્યક્ત થઇ છે.
- સોનાનો ઘડૂલો સુખી દાંપત્યજીવનનું પ્રતીક છે.
- આવા સુખી દાંપત્યજીવનમાં પત્ની પોતાના મનના માણિગરના વસ્ત્રો અને તેનાં શણગાર વિશે મોહયુક્ત વર્ણન રજૂ કરે છે.
- પત્નીનાં મનમાં હરખની હેલી લહેરાય છે.
- તે પતિ તથા સમાજની મર્યાદા પણ રાખે છે.
- ઘૂંઘટ તાણીને તેમાંથી પત્નીનું ગોરું મુખ પોતાના પતિને જોઇને મલકાઈ ઊઠે છે.
- પતિ પચરંગી પાઘડી સાથે પત્નીની નવરંગ ચૂંદડી, પતિના અંગરખા સાથે પત્નીનો રેશમી ચણિયો ને પતિના પાઘડીનાં ઝૂલફાની સાથે પત્નીનાં માથા પર અંબોડાના ફૂલની સરખામણી કરીને કવિએ સુખી દાંપત્યજીવન રજૂ કર્યું છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને સુખી દાંપત્યજીવનનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓને સામાજિકતાથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓને પતિ-પત્નીનાં સાચા મર્યાદિત જીવન વિશે પરિચિત કરાવવા.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભારતીય સમાજ વ્યવસ્થા તથા સંસ્કારોથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં કવિતા પઠન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વર્ણન કરે.
- શિક્ષક/શિક્ષિકા પોતના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમે જાણો છો આપણા ગરબામાં એક ગીત ગવાય છે જે સોનાના ઘડૂલાને લગતું છે?
- સુખી દાંપત્યજીવન કોને કહેવાય?
- પતિ-પત્નીનાં સંબંધો કેવા હોવા જોઇએ?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - પરિવાર, પતિ-પત્નીનાં સંબંધો.
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન સુખી દાંપત્યજીવનું દર્શન કરાવે છે.
- વિદ્યાર્થીઓને આ કવિતાને લગતાં અન્ય ઉદાહરણ આપો જેથી તેઓ ભારતીય સમાજ વ્યવસ્થાથી પરિચિત થાય.
- આ કાવ્યમાં પતિ પ્રત્યે પત્નીનાં મનોભાવો વ્યક્ત થયાં છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ કોઠામાંથી સંબંધોના નામ શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| કા | કી | મા | મા | જે |
| કા | વૃ | મીં | પૌ | ઠ |
| પ | ત્ની | પુ | ત્ર | સ |
| તિ | ર | ત્રી | ના | સ |
| જ | મા | ઈ | ના | રા |
| સા | સુ | મા | ની | મા |

૧) કાકા
૨) ..................
૩) ..................
૪) ..................
૫) ..................
૬) ..................
૭) ..................
૮) ..................
૯) ..................
૧૦) ..................
૧૧) ..................
૧૨) ..................
૧૩) ..................
૧૪) ..................
૧૫) ..................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ કવિતામાં કોનાં મનનાં ભાવ રજૂ થયાં છે?
(૨) ઘડૂલો કેવો છે?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) સોનાનો ઘડૂલો શાનું પ્રતીક છે?
(૨) ચુંદડીને કેવી કહી છે?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) પતિ અને પત્નીનાં માથાના કયા-કયા શણગારની વાત કરવામાં આવી છે?
(૨) આ ગીતમાં પ્રગટ થયેલાં નારીનાં ભાવને વર્ણવો.

**ગૃહકાર્ય**

- સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબો લખો.
- આવા બીજા ગીતો મેળવો અને ગાઓ.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપૂર્તિ કરો.**

૧) મારો સોનાનો ..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
.............................................................. પાણીડાં છલકે છે.

૨) મારો સોનાનો ..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
.............................................................. પાણીડાં છલકે છે.

૨) મારો સોનાનો ..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
.............................................................. પાણીડાં છલકે છે.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો.**

| ખોટી જોડણી | | સાચી જોડણી |
|---|---|---|
| ૧) પાઘડિ | - | ........................ |
| ૨) ચુંદડિ | - | ........................ |
| ૩) ઘડુલો | - | ........................ |
| ૪) ઘુંઘટ | - | ........................ |
| ૫) પાણિડાં | - | ........................ |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોના જવાબો લખો.**

૧) ઘડો સોનાનો છે.

૨) ચુંદડીને નવરંગી કહી છે.

૩) મુખલડું ઘૂંઘટમાંથી મલકે છે.

૪) પતિના અંગરખું તથા ઝૂલફા, પાઘડી ની વાત કરી છે.

૫) પત્નિના ચૂંદડી, ચણિયો, અંબોડાનાં ફૂલ ની વાત કરી છે.

૬) પતિના માથે પાઘડીનાં ઝૂલફા અને પત્નીને માથે અંબોડાનાં ફૂલ ની વાત કરી છે.

૭) આ કાવ્યમાં કોડ ભરી નારીની મનોભાવના વ્યક્ત થઇ છે. સોનાનો ઘડૂલો સુખી દાંપત્ય જીવનનું પ્રતીક છે. આવા સુખી દાંપત્ય જીવનમાં પત્ની પોતાના મનનાં માણિગરનાં વસ્ત્રો, તેનાં શણગાર વિશે મોહયુક્ત વર્ણન કરે છે. પત્નીનાં મનમાં આનંદ-હરખ છલકી ઊઠે છે. તે પતિની તથા સમાજની મર્યાદા પણ રાખે છે. ઘૂંઘટ તાણીને તેમાંથી પત્નીનું ગોરું મુખ પોતાનાં પતિને જોઇને મલ્કી ઊઠે છે. પતિ પચરંગી પાઘડી સાથે પત્નીની નવરંગ ચૂંદડી, પતિનાં અંગરખા સાથે સાથે પત્નીનાં રેશમી ચણિયો ને પતિનાં પાઘડીનાં ઝૂલફાં સાથે પત્નીનાં માથા પર અંબોડાના ફૂલની સરખામણી કરીને કવિએ સુખી દાંપત્યજીવનને રજૂ કર્યું છે.

**જ.૨ કાવ્યપૂર્તિ વિદ્યાર્થીઓને જાતે જ કરવાનું કહો.**

## વ્યાકરણ વિભાગ

**(ક)** ૧) સોનાનો ઘડૂલો ૨) ગોરું મુખલડું ૩) પચરંગી પાઘડી ૪) નવરંગી ચુંદડી ૫) રેશમી ચણિયો

**(ખ) સાચી જોડણી.**

૧) પાઘડી ૨) ચુંદડી ૩) ઘડૂલો ૪) ઘૂંઘટ ૫) પાણીડાં

**(ગ) શબ્દોનો વાક્યમાં પ્રયોગ.**

૧) છલકે - ગાગરમાંથી પાણી છલકે છે.

૨) પાઘડી - પચરંગી પાઘડી વ્હાલાને શોભે છે.

૩) ઓરકોર - ઘૂંઘટની ઓરકોર મુખલડું મલકે છે.

**(ઘ) શબ્દોનાં શુદ્ધ રૂપ લખો.**

મુખલડું - મુખડું

ઘડુલો - ઘડો

પાણીડા - પાણી

વા'લા - વ્હાલા

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

જ.૧ પાઠ્યપુસ્તક પ્રમાણે કાવ્યપૂર્તિ કરાવવી.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧ સાચી જોડણી**

૧) પાઘડી ૨) ચુંદડી ૩) ઘડૂલો ૪) ઘૂંઘટ ૫) પાણીડાં

# ૧૨ શિયાળ અને નગારું

## પાઠની રૂપરેખા

- ચાલાક શિયાળ ભોજનની શોધમાં ગાઢ જંગલમાં ફરતું હતું.
- એક જગ્યાએ શિયાળને કાને મોટો ગેબી અવાજ સંભળાયો.
- શિયાળ ડઘાઇ ગયું, ડરવા લાગ્યું, જંગલ છોડી દેવાનું વિચાર્યું.
- પણ અવાજ શાનો છે તે જાણવાની હિંમત કરી.
- અવાજની દિશામાં તે ગયું.
- એક ઝાડની ડાળી લાવારિસ નગારા સાથે અથડાતી હતી અને નગારામાંથી અવાજ નીકળતો હતો.
- કેટલાંક વર્ષો પહેલાં યુદ્ધમાં કોઇ એક રાજાનું નગારું હતું.
- શિયાળનો ડર દૂર થયો.
- હિંમતપૂર્વક કોઇ પણ કાર્ય કરવાથી ડર દૂર થાય છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓમાં હિંમત કેળવવી.
- વિદ્યાર્થીઓમાં મનનો ડર દૂર કરવો.
- વિદ્યાર્થીઓને સમજાવવું કે હિંમતપૂર્વક દરેક કાર્ય કરવાથી ડર દૂર થઇ જાય છે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને હિંમતપૂર્વક નિડરતાથી જીવવાનું શીખવવું.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓમાં ભાષાશુદ્ધિ કેળવવી.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર તથા પાઠ્યપુસ્તક.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- શિક્ષક વિદ્યાર્થીઓને હિંમતપૂર્વક જીવવાની પ્રેરણા આપતા અન્ય પ્રસંગો કે વાર્તાઓ કહે.
- શિક્ષક પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- શિયાળ કેવું પ્રાણી ગણાય છે?
- નગારાનો અવાજ કેવો હોય?
- તમે શિયાળ અને નગારાની વાર્તા સાંભળશો?
- ડર દૂર કરવા માટે શું કરવું જોઇએ?

**પઠન** – શિક્ષક વિદ્યાર્થીઓ પાસે પાઠ પઠન કરાવો.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - હિંમત, ડર, નગારું, શિયાળ
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન બોધપ્રદ કથાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને આવી બીજી બોધપ્રદ વાર્તાઓ સંભળાવો. જેથી તેઓનો ડર દૂર થાય.
- આ વાર્તા દ્વારા વિદ્યાર્થીઓનાં મનનો ડર દૂર કરવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

આપેલ ફૂલની પાંખડીઓમાં માણસનાં મનનાં મનોભાવો લખો.




૧) ડર ૪) ..................
૨) હિંમત ૫) ..................
૩) .................. ૬) ..................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ વાર્તામાં ક્યા પ્રાણીઓનો ઉલ્લેખ થયો છે? (૨) શિયાળ કેવું પ્રાણી ગણાય છે?
(૩) શિયાળનાં કાને શું સંભળાયું?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) અવાજ સાંભળીને શિયાળની શી હાલત થઇ? (૨) શિયાળે શાનો નિશ્ચય કર્યો?
(૩) નગારું કોનું છે?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) અવાજ શેમાંથી ને કેવી રીતે આવતો હતો? (૨) ભયને કારણે આપણી હાલત કેવી થાય છે?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચાં જવાબ શોધીને લખો.**

૧) શિયાળ કેવું પ્રાણી ગણાય છે?
(ક) સુંદર (ખ) ભોળું (ગ) નાનું (ઘ) ચાલાક

૨) શિયાળને શું સંભળાયું?
(ક) ગેબી અવાજ (ખ) હાથીની ગર્જના (ગ) સિંહની દહાડ (ઘ) ચકલીનું ચીં ચીં

૩) ગેબી અવાજ શેનો હતો?
(ક) સિંહનો (ખ) નગારાનો (ગ) વાઘનો (ઘ) હાથીનો

૪) હિંમતપૂર્વક કાર્ય કરવાથી શું દૂર થાય છે?
(ક) ડર (ખ) ખોરાક (ગ) પૈસા (ઘ) ઊંઘ

૫) નગારું કોનું હતું?
(ક) મંદિરનું (ખ) ખેલૈયાનું (ગ) રાજાનું (ઘ) સરકસનું

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આ પાઠમાંથી પાંચ જોડાક્ષરો શોધીને લખો.**

૧) ........................ ૨) ......................... ૩) .........................
૪) ........................ ૫) .........................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧) શિયાળ ખૂબ જ ચાલાક પ્રાણી ગણાય.
૨) શિયાળનાં કાને આશ્ચર્યજનક અને ગેબી અવાજ સંભળાયો.
૩) અવાજ સાંભળીને શિયાળ ડરવા લાગ્યો અને ગભરાયો.
૪) શિયાળે નિશ્ચય કર્યો કે અવાજ શેનો આવે છે એ જાણ્યા વગર જંગલ છોડીને જવું એ મૂર્ખાઇ ગણાય. તેથી અવાજનું કારણ જાણવું જ જોઇએ.
૫) ગેબી અવાજ ક્યાંથી ને કેવી રીતે આવે છે એ જાણવા માટે શિયાળ મક્કમતાપૂર્વક જંગલમાં આગળ વધ્યું. શિયાળે એક નગારું જોયું. યુદ્ધ ખેલનાર રાજાઓમાંથી કોઇનું નગારું લાવારિશની જેમ પડ્યું હતું. એક વેલાની ડાળી એ નગારાનાં ચામડા પર પડી હતી. હવાના ઝપાટાથી વેલાની થપાટ પડતી હતી અને નગારાનો અવાજ ચારે દિશામાં ફેલાતો હતો.
૬) થોડા વર્ષો પૂર્વે બે મહાશક્તિશાળી રાજાઓ વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું. તેમાંનાં કોઇ એકનું નગારું હતું.
૭) આપણી અંદર છુપાયેલો ભય આપણને સાવ બાયલા બનાવી દે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) પર્યાયવાચી શબ્દો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | જંગલ – | અરણ્ય | ૨) | રાજા – | નૃપ |
| ૩) | અવાજ – | રવ | ૪) | ઘાસ – | તૃણ |
| ૫) | ઝાડ – | વૃક્ષ | | | |

**(ખ) વિરોધી શબ્દો.**

૧) મૃત્યુ  ૨) બહાદુર  ૩) લડાઈ  ૪) શત્રુ

**(ગ) રૂઢિપ્રયોગનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) ડઘાઈ જવું – સૂઝ ન પડવી, અવાક્ રહી જવું

**વાક્ય :** ગેબી અવાજ સાંભળીને શિયાળ ડઘાઈ ગયું.

૨) હૃદય બંધ પડી જવું – મૃત્યુ થવું

**વાક્ય :** દાદાનું અચાનક જ હૃદય બંધ પડી ગયું.

**(ઘ) શબ્દોને કક્કા-બારાક્ષરી પ્રમાણે ક્રમશઃ ગોઠવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | અવાજ | ૨) | એકઠી | ૩) | રાજા |
| ૪) | રૂદન | ૫) | શિખ્યા | ૬) | શિયાળ |

**(ચ) જોડાક્ષર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | યુદ્ધ | ૨) | આશ્ચર્ય | ૩) | ચોક્કસ |
| ૪) | મક્કમ | ૫) | પડ્યા | | |

**(છ) સુલેખન વિદ્યાર્થીઓને જાતે કરવાનું કહો.**

## ઉત્તર – કાર્યપત્રિકા – ૧

**જ.૧** ૧) (ઘ) ચાલાક  ૨) (ક) ગેબી અવાજ  ૩) (ખ) નગરાનો
૪) (ક) ડર  ૫) (ગ) રાજાનું

## ઉત્તર – કાર્યપત્રિકા – ૨

**જ.૧** ૧) યુદ્ધ  ૨) નક્કી  ૩) નીકળ્યા  ૪) દુશ્મન  ૫) આશ્ચર્યજનક

# ૧૩ સુનીતા વિલિયમ્સ

## પાઠની રૂપરેખા

- આ પાઠ દ્વારા નારી પાત્રનો પરિચય આપવામાં આવે છે.
- સુનીતા વિલિયમ્સ એક અવકાશયાત્રી નારી છે.
- સુનીતા વિલિયમ્સ ૧૯૫ દિવસની સફર કરવાનો વિશ્વવિક્રમ ધરાવે છે.
- તેઓ અમેરિક અવકાશયાત્રી તથા યુનાઈટેડ સ્ટેટ્સ નૌકાદળનાં એક અધિકારી છે.
- જન્મ ૧૯ સપ્ટે. ૧૯૬૫માં અમેરિકાના ઓહાયોમાં યુક્લિડમાં.
- પિતા મૂળ ભારતીય ડૉ. દિપક પંડ્યા.
- માતા સ્લોવેનીઝ બોની પંડ્યા.
- પતિ માઈકલ વિલિમ્યસ.
- સુનીતા ૧૯૮૩માં સ્નાતક થયા. ૧૯૮૭માં યુ.એસ. નૌકાદળ તાલીમ કેન્દ્રમાંથી શારીરિક વિજ્ઞાનમાં બી.એસ. સી. અને ૧૯૯૫માં એમ.એસ.સી. થયાં.
- ૧૯૮૯માં નૌકાદળના વૈજ્ઞાનિક તરીકેનું પદ મળ્યું.
- જૂન ૧૯૮૯માં નાસામાં પસંદગી. ત્યાં તાલીમ લીધી.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને એક અવકાશયાત્રી નારીનો પરિચય આપવો.
- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનની અવકાશયાત્રા વિશે જાણકારી આપવી.
- વિદ્યાર્થીઓમાં નારી જાગૃતિ લાવવી.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનની પ્રવૃત્તિ વિશે જાગૃતિ લાવવી.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં લેખન તથા પઠન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક. સુનીતા વિલિયમ્સનાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને અવકાશયાત્રા વિશે જાણકારી આપે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવો પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- અવકાશયાત્રા વિશે શું જાણો છો?
- કલ્પના ચાવલા વિશે જાણો છો?
- અવકાશયાત્રી મહિલાઓનાં નામ આપો.
- સુનીતા વિલિયમ્સ વિશે તમે શું જાણો છો?

**પઠન** – શિક્ષક/શિક્ષિકા પાઠ-પઠન કરે અને કરાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - અવકાશયાત્રા, નાસા, કલ્પના ચાવલા, સુનીતા વિલિયમ્સ
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન અવકાશયાત્રીનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય અવકાશયાત્રીઓ વિશે માહિતી આપો.
- આ પાઠ દ્વારા સુનીતા વિલિયમ્સનો પરિચય આપવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

નીચે આપેલ જગ્યાઓમાં વૈજ્ઞાનિકોનાં નામ સાથેનાં ફોટા લગાવો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) સુનીતા વિલિયમ્સનો જન્મ ક્યાં થયો હતો?
(૨) સુનીતા વિલિયમ્સનો જન્મ ક્યારે થયો હતો?
(૩) સુનીતાનાં માતા-પિતાનાં નામ જણાવો.

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) સુનીતાનાં અભ્યાસ વિશે જણાવો.
(૨) સુનીતાની પસંદગી નાસામાં ક્યારે થઈ?
(૩) સુનીતાએ ગુજરાતમાં કયા-કયા સ્થળોની મુલાકાત લીધી?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) નાસામાં પસંદગી થયા બાદ સુનીતાની તાલીમ વિશે જણાવો.

(૨) સુનીતાની અવકાશની સફર બાબતે લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.
- અન્ય વૈજ્ઞાનિક વિશે પ્રોજેક્ટ બનાવો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ જોડકાં જોડો.**

| (અ) | | (બ) |
|---|---|---|
| ૧) સુનીતાનો સ્નાતક | (ક) | નીડહામ હાઈસ્કૂલ |
| ૨) સુનીતાનો જન્મ | (ખ) | ૧૯૫ દિવસ |
| ૩) સુનીતાનું શિક્ષણ | (ગ) | નેવલ ટેસ્ટ પાઈલોટ સ્કૂલ |
| ૪) સુનીતાનો અવકાશયાત્રીનો સફર | (ઘ) | અમેરિકાનાં ઓહાયોમાં યુક્લિડ સ્થળે |

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો.**

| ખોટી જોડણી | | સાચી જોડણી |
|---|---|---|
| ૧) દુનીયા | - | .................... |
| ૨) સમગર | - | .................... |
| ૩) દીવસ | - | .................... |
| ૪) જીલ્લો | - | .................... |
| ૫) મુર્તિ | - | .................... |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) સુનીતા વિલિયમ્સનો જન્મ ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫માં અમેરિકાના ઓહાયોમાં યુક્લિડ ખાતે થયો હતો.

૨) સુનીતાનાં પિતા મૂળ ભારતીય ડૉ. દિપક પંડ્યા અને માતા બોની પંડ્યા છે.

૩) સુનીતાને ઇ.સ. ૧૯૮૯માં નૌકાદળનાં વૈજ્ઞાનિક તરીકેનું પદ આપવામાં આવ્યું.

૪) જૂન ૧૯૯૮માં નાસા દ્વારા સુનીતા વિલિયમ્સની પસંદગી કરવામાં આવી.

૫) સપ્ટેમ્બર ૨૦૦૭માં સુનીતાએ ભારતની મુલાકાત લીધી હતી, ત્યારે ગુજરાતનાં અમદાવાદના સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી તેમજ પોતાનાં મુળ વતન એવા મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઝુલાસણ ગામની મુલાકાત લીધી હતી.

૬) જૂન ૧૯૯૮માં સુનીતાની નાસામાં પસંદગી થઈ. ઓગષ્ટ માસમાં તેણે તાલીમ લેવાની શરૂઆત કરી. અવકાશ ક્ષેત્રની વિદ્યાર્થીની તરીકેની તાલીમમાં તેણે દરેક વિષયની ઝીણવટભરી સમજ કેળવી. તેણે અનેક વૈજ્ઞાનિકો પાસેથી તકનીકી સમજ તથા આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની પદ્ધતિઓ વિશે વિસ્તૃત જાણકારી મેળવી. ત્યારબાદ આઇ.એસ.એસ પર કામ કરી રહેલ ટુકડી સાથે કાર્ય કર્યું. ત્યારબાદ રોબોટિક વિભાગમાં કાર્ય કરીને તાલીમ મેળવી.

૭) સુનીતાએ ૯ ડિસેમ્બર ૨૦૦૬નાં રોજ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકનાં પ્રવાસની શરૂઆત કરી અને ૨૨ જૂન ૨૦૦૭નાં દિવસે તેઓ પૃથ્વી પર પાછા ફર્યાં. આમ ૧૯૫ દિવસ સુધી તેમણે અવકાશમાં સફર કરી.

**જ.૨ ખાલી જગ્યા પૂરો.**

૧) સુનીતા વિલિયમ્સે અવકાશમાં ૧૯૫ દિવસ ની સફર કરીને વિશ્વવિક્રમ નોંધાવ્યો.

૨) સુનીતાનો જન્મ અમેરિકાના ઓહાયોમાં યુક્લિડ ખાતે થયો હતો.

૩) સુનીતાનાં પિતા ભારતીય મૂળનાં છે, જ્યારે માતા સ્લોવેનીઝ છે.

૪) સુનીતાએ નીડહામ હાઈસ્કૂલમાં શિક્ષણ લીધું.

૫) સુનીતાનાં પિતાનું મૂળ વતન મહેસાણા જિલ્લાનાં કડી તાલુકાનું ઝુલાસણ ગામ છે.

**જ.૩**

| | | | |
|---|---|---|---|
| ૧) | અવકાશમાં પ્રવાસ શરૂ કર્યો | - | ૨૦૦૬ |
| ૨) | સુનીતાનો જન્મ થયો | - | ૧૯૬૫ |
| ૩) | ભારતની મુલાકાત લીધી | - | ૨૦૦૭ |
| ૪) | નેવલ ટેસ્ટ પાઈલોટ સ્કૂલમાંથી સ્નાતક થયાં | - | ૧૯૯૩ |

**જ.૪ માત્ર એક શબ્દમાં જવાબ આપો.**

૧) બોની પંડ્યા ૨) ગણેશજી ૩) ૧૯૯૮માં ૪) અમેરિકા ૫) માઈકલ વિલિયમ્સ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧ જોડકાં જોડો.**

(૧ - ગ), (૨ - ઘ), (૩ - ક), (૪ - ખ)

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧ સાચી જોડણી**

૧) દુનિયા ૨) સમગ્ર ૩) દિવસ ૪) જિલ્લો ૫) મૂર્તિ

# ૧૪ આવકારો મીઠો આપજે

## કાવ્યની રૂપરેખા

- કવિ કાગ આવનાર મહેમાન પ્રત્યેનો વ્યવહાર દર્શાવે છે.
- કવિ કહે છે કે તારા આંગણિયા પૂછીને જો કોઇ આવે તે તેને તું મીઠો આવકારો આપજે.
- તેને તું પાણી પાજે, તેની પાસે બેસીને તેનું સંકટ સાંભળજે ને બની શકે તો તેનું દુઃખ દૂર કરવાની કોશીશ કરજે.
- તેને માન-પાનથી, પ્રેમથી રાખજે ને ઝાંપા સુધી વળાવવા જજે.
- આ કવિતામાં 'અતિથિ દેવો ભવ' ની ભાવના વ્યક્ત થઇ છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને અતિથિનાં સન્માનની ભાવના સમજાવવી.
- વિદ્યાર્થીઓને ઘેર આવેલાં મહેમાનની આગતા-સ્વાગતા કઇ રીતે કરાય તેની સમજ મેળવાય.
- વિદ્યાર્થીઓ સામાજિક વ્યવહાર શીખે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને 'અતિથિ દેવો ભવ' ની ભાવના કેળવાય.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં કાવ્ય પઠન તથા ગાયન કૌશલ્યનો વિકાસ કરવો.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને 'અતિથિ દેવો ભવ' ની ભાવના સમાજાવે.
- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવો પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

### પ્રશ્નોત્તર

- તમારે ઘેર ક્યારેય મહેમાન આવે છે?
- કોણ કોણ મહેમાન આવે છે?
- તેનું સ્વાગત તમે કઇ રીતે કરો છો?
- કવિ કાગે મહેમાનોનાં સન્માન માટેની એક કવિતા આપી છે.

**પઠન** – શિક્ષક/શિક્ષિકા કવિતાનું ગાયન-પઠન કરશે અને કરાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - અતિથિ, સન્માન, ઘર
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન ભારતની પ્રાચીન સસ્કૃતિનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય સંસ્કારો વિશે જણાવો જેથી તેઓ ભારતની અસલી પરંપરા વિશે અવગત થાય.
- આ કાવ્ય દ્વારા અતિથિનાં સન્માનની ભાવના કે બનવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- ક્રિયા દર્શાવતાં શબ્દો સાથે 'એ' પ્રત્યયવાળો શબ્દ 'જે' લગાવતા આજ્ઞાર્થક ભાવ ઉત્પન્ન થાય છે. આવા શબ્દો બનાવો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ કવિતામાં કોના સ્વાગતની વાત કરવામાં આવી છે? (૨) કવિનું નામ જણાવો.

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) કોઇ સંકટ સંભળાવે તો કવિ શું કરવાનું કહે છે?
(૨) કવિએ મહેમાનને વળાવવાની કઇ રીત બતાવી છે?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) કવિતાનો ભાવાર્થ વર્ણવો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબો લખો.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કવિતાને સુંદર અક્ષરે પૂર્ણ કરો.**

૧) એ જી તારા ..........................................................................................

..........................................................................................

..........................................................................................

.......................................................................... કાપજે રે.

૨) માનવીની પાસે ..........................................................................................

.......................................................................... આવકારો મીઠો.

૩) કેમ તમે ..........................................................................................

..........................................................................................

..........................................................................................

.......................................................................... આવકારો મીઠો.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ શબ્દોને કક્કા-બારાક્ષરી પ્રમાણે ગોઠવો.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧) | માનવી | ૨) | આવકારો | ૩) | મહેમાન | ૪) | માનવ | ૫) | પાણી |
| ૬) | સંકટ | ૭) | દિવસ | ૮) | પાસે | ૯) | આવે | ૧૦) | દુખિયા |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧) કવિ આપણે આંગણે આવનાર મહેમાનને આવકારો આપવાનું કહે છે.

૨) કોઇ સંકટ સંભળાવે તો બની શકે તેટલું તેનું સંકટ દૂર કરવાનું કવિ કહે છે.

૩) આપણા સારાં દિવસ જોઇને દુખિયા આપણી પાસે આવે છે.

૪) ‘‘કેમ તમે આવ્યા છો?’’ એવું ન પૂછવાનું કવિ કહે છે.

૫) મીઠો આવકારો આપીને તેને પાણી પાઈને તેની પાસે બેસી એની વાતો સાંભળીને મહેમાનોનું સ્વાગત કરવું.

૬) મહેમાનને પ્રેમથી ઝાંપા સુધી બનાવવાનું કવિ કહે છે.

૭) કવિ કાગ આવનાર મહેમાન પ્રત્યેનો વ્યવહાર દર્શાવે છે. કવિ કહે છે કે તારા આંગણિયા પૂછીને જો કોઇ આવે તો તેને તું મીઠો આવકારો આપજે, પાણી પાજે, તેની પાસે બેસીને તેનું સંકટ સાંભળજે ને બની શકે તો તેનું દુઃખ દૂર કરવાની કોશીશ કરજે. તેને માન-પાનથી પ્રેમથી રાખજે ને ઝાંપા સુધી વળાવવા જજે.

**જ.૨ કાવ્યપૂર્તિ વિદ્યાર્થીઓને જાતે કરવાનું કહો.**

**જ.૩ ભાવાર્થ :**

કવિ કાગ અહીં માનવીનાં સ્વમાનની વાત કરતાં કહે છે કે માણસની પાસે કોઇ અમસ્તો જ નથી આવતો. પણ તારા સુખી જીવનને જોઇને તે તારી પાસે કંઇક આશા રાખીને આવે છે. તો તારે તેને મીઠો આવકારો આપવો જોઇએ. બની શકે એટલી મદદ કરવી જોઇએ. આ જ માણસની માનવતા છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) વિરોધી શબ્દો.**

૧) મેજબાન ૨) દાનવ ૩) રાત ૪) જાકારો

**(ખ) સમાનાર્થી શબ્દો.**

૧) ઘર ૨) જળ ૩) મનુષ્ય ૪) સમસ્યા

**(ગ) ક્રિયા દર્શાવતા શબ્દો.**

૧) આપજે ૨) કાપજે ૩) આવજે ૪) લેજે ૫) દેજે

**(ઘ) ક્રિયાત્મક શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) આપજે - તું મને નાસ્તો આપજે.
૨) કાપજે - તું કાપડ કાપજે.
૩) આવજે - તું મારા ઘેર આવજે.
૪) લેજે - તું થોડી મિઠાઈ લેજે.
૫) દેજે - તું મને પૈસા દેજે.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** શિક્ષક/શિક્ષિકા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાંથી જોઇ-જોઇને કાવ્યપૂર્તિ કરવાનું કહે.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) આવકારો ૨) આવે ૩) દિવસ ૪) દુખિયા ૫) પાણી

૬) પાસે ૭) માનવ ૮) મહેમાન ૯) માનવી ૧૦) સંકટ

# ૧૫ બોલે તે બે ખાય

## પાઠની રૂપરેખા

- લાડુરામ અને મોદકરામ પાકા મિત્રો હતાં.
- બંને લાડુ ખાવાના ખૂબ જ શોખીન.
- નાતનાં જમણવારમાં લાડુ ખાવાની હરીફાઇ જામી.
- લાડુરામ અને મોદકરામ બંને માંથી કોઇ હાર સ્વીકારવા તૈયાર ન હતાં.
- ચોખારામ ઉપાય અજમાવ્યો કે જે મૌન રહેશે તે ત્રણ લાડુ ખાશે, તે વિજેતા થશે.
- બંને મૂગા થઇ ગયા, સમય વીતતો હતો તેથી ચોખારામે ઉપાય અજમાવીને લોકોને કહીને બંનેની નનામી કાઢી.
- સ્મશાનમાં ચિતા પર બાળવાની તૈયારી બતાવી.
- લાડુરામની હિંમત તૂટી, તે બોલ્યો, ''હું બે જ લાડુ ખાઇશ, ભલે મોદકરામ ત્રણ લાડુ ખાય.''
- અંતે મોદકરામને વિજેતા જાહેર કરાયો.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને જીદ્દ ન કરવી જોઇએ એવું સમજાવવું.
- વિદ્યાર્થીઓને હરિફાઇ કેવી હોવી જોઇએ એ બાબતે સમજાવવું

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને 'બોલે તે બે ખાય' એવી કહેવત કેમ પડી તે બાબતે સમજાવવું.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓમાં અભિનયકલા વિકસાવવી.

## શૈક્ષણિક સાધન

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા વિદ્યાર્થીઓને પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને કહેવત કથાઓ કહે અને સમજાવે.
- વિદ્યાર્થીઓને પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરાવે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમને લાડુ ભાવે?
- લાડુ ખાવાની હરિફાઇ કેવી હોય.
- હરિફાઇમાં જીદ્દ કરવી જોઇએ કે નહીં?

**પઠન** – શિક્ષક/શિક્ષિકા પાઠ પઠન કરે અને કરાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - લાડુ, હરિફાઇ, કહેવત

- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન કહેવત કથાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી કહેવતકથાઓ કહો જેથી તેઓને કહેવતનું મહત્ત્વ સમજાય.
- આ વાર્તા દ્વારા જીદ્દ કરવાથી નુકસાન થાય છે એવું સમજાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી ભોજન સામગ્રીનાં નામ શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| રો | ટ | લો | લા | હું |
| ટ | શા | પૂ | પ | ગ |
| લી | ક | રી | સી | ળી |
| ક | થે | પ | લા | ભા |
| ઢી | ભા | ખ | રી | ત |

૧) રોટલી
૨) ..................
૩) ..................
૪) ..................
૫) ..................
૬) ..................
૭) ..................
૮) ..................
૯) ..................
૧૦) ..................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) શાની હરિફાઇ હતી?
(૨) બંને મિત્રોનાં નામ જણાવો.
(૩) હરિફાઇનાં આગેવાન કોણ હતાં?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) બંને મિત્રો શેમા શોખીન હતાં?
(૨) નાતના આગેવાને શું વિચાર્યુ?
(૩) ચોખારામે કઈ શરત મૂકી?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) ચોખારામે શી યોજના બનાવી?
(૨) લાડુરામની હિંમત શા માટે તૂટી ગઈ? પછી તે શું બોલ્યો?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.

## કાર્યપત્રિકા – ૧ (પાઠમાંથી)

**પ્ર.૧** દૂધમાંથી બનતી પાંચ મિઠાઈના નામ લખો અને તેનાં ચિત્રો ચોંટાડો.

**પ્ર.૨** લોટમાંથી બનતી પાંચ મિઠાઈના નામ લખો અને તેનાં ચિત્રો ચોંટાડો.

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ ભાષામાં વપરાતી દ્વિરુક્તિઓ લખો.**

૧) ........................................ ૨) ........................................

૩) ........................................ ૪) ........................................

૫) ........................................

## ઉત્તર – પાઠ્યપુસ્તકમાંથી

**જ.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) લાડુરામ અને મોદકરામ.

૨) બંને મિત્રો લાડુ ખાવાના શોખીન હતાં.

૩) લોકો વચ્ચે સૌથી વધુ લાડુ કોણ ખાય છે. તેની હરિફાઈ થઈ.

૪) નાતના આગેવાન ચોખારામે મોદકરામ અને લાડુરામની ચડસાચડસી જોઇને બંનેને વિજેતા ઘોષિત કરવાનું વિચાર્યું.

૫) ખૂબ જ લાડુ ખાધાં પછી બંને મિત્રો બેભાન થઈ ગયા.

૬) ચોખારામે શરત મૂકી કે છેલ્લા પાંચ લાડુ છે તેમાંથી જે બોલે તે બે લાડુ ખાય. ને મૌન રહે તે ત્રણ લાડુ ખાય.

૭) લાડુરામ અને મોદકરામ એકબીજા ચડસાચડસીમાં હતાં, તેથી ચોખારામે યુક્તિ વિચારીને જાહેરાત કરી કે આ બંનેનું મૃત્યુ થયું છે. તેની સ્મશાનયાત્રા કાઢી. ચિતા પર ગોઠવીને બોલ્યા કે હવે બોલવાનો છેલ્લો મોકો છે નહીંતર આગ ચાંપી દઉં છું. આ સાંભળીને લાડુરામની હિંમત તૂટી ને તે બે લાડુ ખાવા તૈયાર થઇ ગયો.

૮) ચોખારામની યુક્તિ પ્રમાણે બંનેને સ્મશાનમાં ચિતા પર ગોઠવીને આગ ચાંપવાની વાત કરી તેથી લાડુરામની હિંમત તૂટી ગઇ ને તે બોલ્યો કે નાના આગ ચાંપશો નહીં, હું તો બે જ લાડુ ખાઇશ, મોદકરામ ભલે ત્રણ લાડુ ખાય.

**જ.૨ ખાલી જગ્યા પૂરો.**

૧) લાડુરામ અને મોદકરામ બંને પાકા મિત્રો હતાં.

૨) બંને લાડુ ખાવાના શોખીન હતાં.

૩) નાતના ખાધાબળિયા એવા દસેક જણા વચ્ચે લાડુ ખાવાની હરીફાઈ જામી.

૪) જે થાક્યા તે બિછાના બિછાવીને બાજુની પરસાળ માં જઇને સૂતા.

૫) મોદકરામને લાડુ-હરીફાઈમાં વિજેતા જાહેર કરવામાં આવ્યો.

**જ.૩ કોણ બોલે છે ? તે જણાવો.**

૧) લાડુરામ અને મોદકરામ ૨) ચોખારામ ૩) ચોખારામ

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દ લખો.**

૧) દોસ્ત ૨) મોદક ૩) હરીફાઈ, વાદાવાદી ૪) સ્પર્ધા

**(ખ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) વાદ-વિવાદ થવો તે - ચડસાચડસી, વાદાવાદી

૨) ખૂબ જ ખાનારા - ખાધાખળિયા

૩) મરણ વખતની વસ્તુઓ - ખાંપણ

૪) શબને બાળવાની જગ્યા - સ્મશાન

**(ગ) ભાષામાં કેટલીક દ્વિરુક્તિઓ વપરાય છે.**

૧) વાદાવાદી ૨) ખાધુપીધું ૩) દેખાદેખી ૪) એકલદોકલ

**(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

૧) ખાધાબળિયા હોવા - ખૂબ જ ખાનારા

**વાક્ય :** ઘણાં લોકો ખાધાબળિયા હોય છે.

૨) ઝોંકા ખાવા - ઊંઘ આવવી

**વાક્ય :** બાળક ઝોંકા ખાવા લાગ્યા.

૩) ગજા ઉપરવટ હોવું - તાકાત બહારનું હોવું.

**વાક્ય :** આપણે ગજા ઉપરવટનું કામ ન કરવું જોઈએ.

**(ચ) આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) વારંવાર - એક જ કવિતા વારંવાર ગાવાથી યાદ રહી જાય છે.

૨) નહીંતર - તમે મારે ઘેર આવજો નહીંતર હું નહીં આવું હો !

૩) વિજેતા - અંતે મોદકરામને વિજેતા જાહેર કર્યો.

૪) મોકો - હું બોલવાનો મોકો જ શોધતો હતો.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** વિદ્યાર્થીઓને જાતે કરવાનું કહો.

**જ.૨** વિદ્યાર્થીઓને જાતે કરવાનું કહો.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) વાદાવાદી ૨) દેખાદેખી ૩) ખાધુ-પીધું

૪) એકલદોલક ૫) મારામારી

# ૧૬ વીણેલા મોતી

## કાવ્યની રૂપરેખા

- દાનથી દયા ચડિયાતી છે. દયાનો સ્રોત સદા વહેતો રહેવો જોઇએ.
- માણસનું મૂલ્ય કુળથી (જાતિથી) નહીં પરંતુ તેનાં ગુણો વડે મૂલવાવું જોઈએ.
- પોતાની પાસે રહેલ વિદ્યા કે ધન જ સંકટ સમયે કામ આવે છે.
- જે માણસ દૃઢ નિશ્ચય કરીને આગળ વધે છે તેને ક્યારેય મુશ્કેલીઓ અટકાવી શકતી નથી.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને જીવનમાં મૂલ્યો શીખવવા.
- વિદ્યાર્થીઓને ગુણ, વિદ્યા, ધન, દયા તથા અટલ નિશ્ચય વિશે સમજ કેળવવી.
- વિદ્યાર્થીઓને જીવન જીવવાનો સાચો માર્ગ બતાવવો.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને સુભાષિતો દ્વારા જ્ઞાન મળશે.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી..
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં લેખન તથા પઠન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધન

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચોક, ડસ્ટર, પાઠ્યપુસ્તક.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને દાન, વિદ્યા, ગુણ કે હિંમત જેવા જીવન મૂલ્યો વિશે સમજાવો.
- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવોનાં આધારે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમે સુભાષિતો વિશે જાણો છો?
- હિંમતથી કાર્ય કરવાથી શો ફાયદો થાય?
- દાન કોને કહેવાય?
- ગુણ એટલે શું?
- પઠન – શિક્ષક/શિક્ષિકા કાવ્ય પઠન કરે અને કરાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે – દાન, વિદ્યા, ધન, ગુણ, હિંમત
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.

- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન જીવન મૂલ્યોનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને જીવન મૂલ્યોને લગતી અન્ય બાબતો સમજાવો જેથી વિદ્યાર્થીઓને જીવન જીવવામાં બોધ મળે.
- આ સુભાષિતોમાં જીવન જીવવાનો સાચો રસ્તો બતાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ કમળની પાંખડીઓમાં જીવન મૂલ્યો લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) પહેલાં સુભાષિતમાં કોનું મહત્ત્વ બતાવાયું છે? (૨) બીજા સુભાષિતમાં શાની વાત થયેલ છે?

(૩) ચોથા સુભાષિતમાં કોને હિમાલય નડતો નથી?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) દયા અને દાન એ બે માંથી કોણ ચડિયાતું છે? (૨) કમળ ક્યાં ઊગે છે?

(૩) માણસનું મૂલ્યાંકન શાના વડે થાય છે?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) ''અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.'' - સમજાવો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) દયાને ......................................
................................. સદા વતા

૨) ઊગે કમળ .................................
................................. ગુણો વડે.

૩) વિદ્યા .................................... ................................... ધન.

૪) કદમ .................................... ................................... નડતો.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો.**

**ખોટી જોડણી :** ૧) વીદ્યા ૨) લિધું ૩) શીરે ૪) પૂસ્તક ૫) હીમાલય

## ઉત્તર - પાઠ્યપુસ્તકમાંથી

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) દયા ચડિયાતી છે.

૨) કમળ પંક (કીચડ)માં ઊગે છે.

૩) માણસનું મૂલ્યાંકન તેનાં ગુણો વડે થાય છે.

૪) વિદ્યા પુસ્તકમાંથી મળે છે.

૫) વિદ્યા અને ધન મુશ્કેલીનાં સમયમાં કામ આવવા જોઈએ.

૬) જેનાં કદમ અસ્થિર હોય તેને રસ્તો જડતો નથી.

૭) અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.

૮) આ પંક્તિમાં કહેવાયુ છે કે માણસને પોતાનું ધ્યેય નક્કી રાખવું જોઇએ. જે મનુષ્ય પોતાનાં મનથી મક્કમ છે તેને સફળતા મળે જ છે. ધ્યેયને સફળ બનાવવા માટે ગમે તેટલી મુશ્કેલી આવે તો પણ હિંમત અને ખંત થી આગળ વધનારા મનુષ્યને હિમાલય જેવી મોટી મુશ્કેલીઓ પણ નડતી નથી. આમ જીવનમાં મનની મક્કમતા રાખવામાં આવે તો જ માણસ આગળ વધી શકે.

**જ.૨ પંક્તિઓનો ભાવાર્થ :**

૧) આ પંક્તિમાં મનુષ્યનાં ગુણોનો મહિમાગાન થયો છે. કમળનાં ઉદાહરણ દ્વારા સમજાવ્યુ છે કે કમળ કીચડમાં ઉગે છે છતાં દેવોનાં મસ્તક પર ચડે છે. દેવો પણ તેને શ્રેષ્ઠ સ્થાન આપે છે એટલે કે માણસનો જન્મ કયા કુળમાં કે કઈ જગ્યાએ થયો છે તેનું મહત્વ નથી હોતું પણ માણસમાં કમળ જેવાં સૌંદર્ય ધરાવતાં શ્રેષ્ઠ ગુણો હોય તો તેનું મહત્ત્વ સમાજમાં આપોઆપ શ્રેષ્ઠ ગણાય છે.

**જ.૩ વિદ્યાર્થીઓને જાતે કરવા કહો.**

## વ્યાકરણ વિભાગ

**(ક) વિરોધી શબ્દો.**

૧) દાનવ ૨) અસ્થિર ૩) અવગુણ ૪) મૂલ્યવાન

**(ખ) સમાનાર્થી શબ્દો.**

૧) ચોપડી ૨) પૈસા ૩) ભગવાન ૪) મસ્તક

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાંથી જોઇ-જોઇને કાવ્યપૂર્તિ કરાવવી.**

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧ સાચી જોડણી :** ૧) વિદ્યા ૨) લીધું ૩) શિરે ૪) પુસ્તક ૫) હિમાલય